
સંતવાણી ગ્રંથાવલિ ૧૯

# સાધુ વાસવાણી



# સાધુ વાસવાણી

## (Sadhu Waswani)


સંકલન

**સાધુ વાસવાણી મિશન, વડોદરા**

ગુજરાતી ભાષાંતર

**પ્રિયકાંત પી. શુકલ**

(જામનગર)



**નવજીવન પ્રકાશન મંદિર**

અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.

**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**દશ રૂપિયા**

© ગુજરાત દિવ્ય જીવન સંઘ

ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | સાધુ વાસવાણી | ૧ |
| ૨. | વાસવાણીજીની જીવન-તવારીખ | ૨૦ |
| ૩. | વચનામૃત | ૨૩ |
| ૪. | દૈનિક મનન | ૩૦ |
| ૫. | દાદા વાસવાણીની વિચારધારા | ૩૫ |
| ૬. | અણમોલ મોતી | ૫૫ |

# સાધુ વાસવાણી

એક જમાનામાં સિંધ એક મહાન પ્રાચીન સંસ્કૃતિનું કેન્દ્ર હતું. સિંધુ નદીના સૌંદર્યથી સભર વાતાવરણથી પ્રેરાઈને ઋષિઓ અને સંત-મહાત્માઓએ મહાન વેદની ઋચાઓને ત્યાં જન્મ આપેલો.

સિંધ દેશે અનેક કવિઓ અને સંતો આપ્યા છે. આવા પ્રસિદ્ધ સિંધ દેશમાં સાધુ વાસવાણીનો જન્મ થયો.

બાળક વાસવાણીનો જન્મ ૨૫ નવેમ્બર ૧૮૭૯માં હૈદરાબાદ શહેરમાં થયો. તેનું નામ થન્વર રાખ્યું. થન્વર = દઢ. નામ જેવા ગુણોવાળા વાસવાણી જીવનમાં હંમેશ માટે સમદર્શી અને દઢ રહ્યા. ગમે તેવાં સંકટોમાં ભગવાન પરની શ્રદ્ધા તેમના જીવનમાં વિચલિત થતી જાણી નથી. તેમની માતાનું નામ વરમદેવી. તેઓ ગુરુ નાનકનાં ભક્ત હતાં. 'જપજી સાહેબ' તેમને કંઠસ્થ હતો. અભણ હોવા છતાં બાળકોના અભ્યાસની કાળજી લેતાં. શિસ્તમય તેમ જ ભક્તિપૂર્ણ વાતાવરણમાં બાળકનો ઉછેર થયો. થન્વરને માતા પ્રત્યે ખૂબ આદરભાવ હતો. માતાના પ્રેમ વિશે તેઓ કહેતા, ''મા ! મારું હૈયું તને કાયમ યાદ કરે છે. મારા પ્રત્યેક શ્વાસમાં તારા વિચારો આવે છે !''

બાળ વાસવાણીના પિતા આમિલ જ્ઞાતિના શ્રી લીલારામ જમીનદાર હતા. પર્શિયન ભાષામાં કાબેલ હતા. આવકનો આધાર નિસર્ગ હોઈ, સમૃદ્ધિ અને સંકટ જીવનનો ક્રમ બનેલો. એમ કહેવાય છે કે કાળીના તેઓ એવા ભક્ત હતા કે દેવીએ

તેમને દર્શન આપેલાં.

તેમને સંધ્યા સમયે તારા-દર્શનનો શોખ હતો. ધ્રુવ તારો બતાવી તેનાં માતુશ્રીએ ધ્રુવની કથા કહી. બાળકને પોતે ધ્રુવ હોય તેવો ભાવ થયો અને સ્તુતિ ગાવા લાગ્યા. માએ તેને દિગંત સુધી ખ્યાતિ વ્યાપે તેવા આશિષ આપ્યા. પિતાશ્રી લીલારામ અસાધ્ય રોગો મટાડવાની શક્તિ ધરાવતા. દૂર દૂરથી લોકો તેમની પાસે આવતા.

આવાં શ્રદ્ધાળુ અને ધાર્મિક મા-બાપના પુત્રમાં ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અખંડ વહેતી રહી.

બાળક થન્વર કુદરતી રીતે જ માનવ, પશુ-પક્ષી અને નિસર્ગ પર પ્રેમ ધરાવતો. છ વર્ષની ઉંમરે તેણે શાળાપ્રવેશ કર્યો. શાળાએ જવાના રસ્તા પર મટનની દુકાન હતી. ત્યાં બકરાં-ઘેટાં મારીને લટકાવેલાં હતાં. તેમાંથી લોહી ટપકતું જોઈ બાળક વાસવાણીનું દિલ દ્રવી ઊઠ્યું. તેણે માને માંસ ખાવા આપવાની મના કરી. મા તો માનતી કે માંસભક્ષણ શક્તિદાયક છે. તેની મા છુપાવીને વાનગીમાં માંસ આપી દેતી. આની જાણ એક વખતે હાડકાંનો ટુકડો નીકળતાં થઈ ગઈ. બાળકે અસહ્ય દુઃખ અનુભવ્યું. માએ ત્યારથી તેને શાકાહારી જ રાખવા વચન આપ્યું. વાસવાણીજી ત્યારથી આજીવન શાકાહારી જ રહ્યા.

એક એવો જ નાનપણનો બીજો પ્રેરણાદાયી પ્રસંગ છે. મહાશિવરાત્રિને બીજે દિવસે પિતાશ્રી સાથે મહાકાળીનાં દર્શને જતાં તેને બકરાનું કાચું માંસ પ્રસાદમાં આપ્યું. તેણે તેનો અસ્વીકાર કર્યો. પિતાએ પ્રસાદના અનાદરથી થતા નુકસાન બાબત ખૂબ સમજાવ્યા. માન્યા નહીં તેથી બાળક વાસવાણીને

મંદિરમાંથી જતા રહેવા કહેતાં તે નિસાસો નાખી ચાલી નીકળ્યા પણ માંસભક્ષણ કર્યું નહીં.

વિદ્યાર્થી તરીકે વહેલા ઊઠતા. સૂર્યનમસ્કાર કરતા અને ઈશ્વરને મન શુદ્ધ રાખવા અને પ્રાણનું રક્ષણ કરવાં પ્રાર્થના કરતા. પૂનમની રાત્રે ચંદ્રમાનાં કિરણોનું પાન કરતાં ભાવોદ્રેક થતો. ચંદ્રમાને તે પ્રાર્થતા કે તેનું હૃદય પણ ચંદ્ર જેવું નિર્મળ રહે !

પ્રાથમિક શાળામાં તેના શિક્ષકો તેની શાંત, નિઃસ્વાર્થી અને તેજસ્વી ગ્રહણશક્તિથી પ્રભાવિત થતા. અને તેથી તે શિક્ષકોના લાડલા હતા. આઠ વર્ષની વયે પ્રાથમિક શિક્ષણ પૂરું કરી યુનિયન એકેડેમીમાં પ્રવેશ મેળવ્યો. ત્યાંના પ્રિન્સિપાલ હીરાનંદે તેમનામાં રહેલ હીર પારખીને તેમને વર્ગ-વડા બનાવ્યા. નાના વાસવાણી સારા વક્તા હતા અને આગંતુકો પણ તેમની તેજસ્વિતાથી પ્રભાવિત થતા. આટલી નાની ઉંમરે તેઓ આત્મચિંતનમાં મગ્ન રહેવા લાગ્યા. રાત્રિએ અંધારામાં અગાસીમાં ધ્યાન કરવામાં તેને ડર નડતો નહીં. તેઓ નિર્ભયતા પ્રદર્શિત કરતા. તેમણે ઈશુના જીવનચરિત્રનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. તેમના સંવેદનશીલ આત્માને તેના પર થયેલા જુલમોથી ખૂબ દુઃખ થયું. ઈશુનું જીવન તેમનું પ્રેરણાસ્રોત બન્યું. તેમના પિતાશ્રીને ડર લાગેલો કે નાનો વાસવાણી રખે ને ધર્માંતર કરે. તેણે પિતાને વિશ્વાસ બેસાડ્યો કે તેમનો ઈશુ પ્રત્યેનો ભક્તિભાવ ઈશુના જીવનની નિર્મળતા પર આધારિત હતો અને પોતાનું જીવન ઊર્ધ્વગામી બનાવવામાં ઈશુ તેનો આદર્શ રહેશે.

એક વખત નાના વાસવાણી તેના મુખ્ય શિક્ષકે કાઢેલ

દારૂબંધીનો વિરોધ કરતા સરઘસમાં ભાગ લઈ, રસ્તા પર નારા લગાવતા જઈ રહ્યા હતા ત્યારે તેના પિતાશ્રીએ તેને ઘેર લઈ જઈ ઓરડામાં પૂરી દીધો. છેવટે વાસવાણીની ઉત્કટ પ્રાર્થના સાંભળી, ઈશ્વરે તેની માતાને પ્રેરણા આપી અને ઓરડો ખોલી માએ શાળાના કાર્યક્રમમાં ભાગ લેવા છોટે વાસવાણીને જવા દીધો.

૧૧ વર્ષની કુમળી વયે બાળ વાસવાણીએ પિતાની છત્રછાયા ગુમાવી. મરતા સમયે પિતાએ બાળકને પ્રોત્સાહિત કરતાં કહેલું કે આ બાળક એક મહાન સેવક થશે. તેની પત્નીને આશ્વાસન અને ધીરજ આપી. લીલારામે દિવાળીના તહેવારના દિવસે પોતાની લીલા સંકેલી લીધી.

માધ્યમિક શિક્ષણકાળમાં તેઓ આગળ પડતા, પ્રતિભાશીલ વિદ્યાર્થી રહ્યા. દર વર્ષે ઉચ્ચ કક્ષાએ પાસ થઈ ઈનામો મેળવતા. તેમના કાકાશ્રી નામાંકિત વકીલ હતા. તેમણે બાળ વાસવાણી ભણીને વકીલ બને અને તેમના વ્યવસાયમાં ભાગીદાર થાય તેવું સૂચવેલ. પણ છોટે વાસવાણી તો પહેલેથી જ કામિની-કાંચનના મોહમાં ફસાય તેવા ન હતા, તેમણે તો આ પ્રોત્સાહનની સાદર અસ્વીકૃતિ પણ કરી.

કૌટુંબિક આર્થિક પરિસ્થિતિ નબળી હોઈ થન્વરના મોટાભાઈએ કરાંચીમાં શિક્ષકની નોકરી સ્વીકારી. થન્વરને N. J. V. હાઈસ્કૂલ કરાંચીમાં મેટ્રિકમાં દાખલ કર્યો. અહીં પણ પ્રિન્સિપાલ, શિક્ષકો, વિદ્યાર્થી સૌનાં દિલ તેમણે જીતી લીધાં. વિદ્યાર્થીકાળમાં પણ ભણતર ઉપરાંત તેઓ સંતચરિત્રો, ધાર્મિક પુસ્તકો, ધ્યાન વગેરેનો અભ્યાસ પણ કરતા. મેટ્રિકની

પરીક્ષામાં તેઓ સિંધમાં પહેલા આવ્યા – ઉંમર વર્ષ ૧૬, સાલ ૧૮૯૫. તેમને મૅકિલઑડ સ્કૉલરશિપ મળી.

તેમની ઈચ્છા ફકીર બની, પ્રભુપરસ્તી કરવાની હતી પણ માતા વરમદેવીના આગ્રહને વશ થઈ તેમણે વચન આપ્યું કે માતાના હયાતીકાળમાં તેઓ સાધુ થશે નહીં. તેઓ આગળ અભ્યાસ માટે ડી. જે. સિંધ કૉલેજમાં દાખલ થયા.

એક વખત નિબંધ હરીફાઈમાં વિદ્યાર્થી વાસવાણીએ અંગ્રેજ પ્રિન્સિપાલ હસ્કેથ પણ હેરત પામે તેવો અંગ્રેજી નિબંધ લખેલો અને પ્રિન્સિપાલે ભવિષ્ય ભાખેલું કે આ વિદ્યાર્થી ભવિષ્યમાં 'એની બેસન્ટ' જેવો તેજસ્વી થશે. આ આગાહી સાચી પડી.

વિદ્યાર્થીઓએ વિચાર્યું કે વાસવાણીજીને તેમના નેતા બનાવતાં પહેલાં તેમની ચારિત્ર્યપરીક્ષા કરવી. એક વેશ્યા પાસે તેમને લઈ ગયા. પેલી વેશ્યા રૂપાળા વાસવાણી પર મોહી પડી. દેહલાલિત્ય પ્રદર્શિત કરવા લાગી. વાસવાણીજીએ તેને કહ્યું, ''બેટા ! શરીરનું સૌંદર્ય કાયમ ટકતું નથી. પણ જો આત્મા સ્વરૂપવાન હોય તો જીવનના અંત સુધી સૌંદર્ય ટકે છે. વળી આંતરસૌંદર્ય વધારવા ભગવન્નામ રટણ જ મુખ્ય સાધન છે.''

આમ કહેતાંકને થન્વરે ભજન શરૂ કર્યું અને વેશ્યા તેને સાથ આપવા લાગી. વિદ્યાર્થી સાથીઓએ આ જોયું તેથી પ્રભાવિત થયા અને સર્વાનુમતે થન્વર નેતા બન્યો. પણ આ સ્વીકૃતિ તેણે બધા સાથીઓને તેની અણછાજતી પ્રવૃત્તિ માટે માફી મગાવ્યા બાદ જ આપી.

શરમાળ સ્વભાવના થન્વરજી ધીરે ધીરે કૉલેજમાં લોકપ્રિય બનવા લાગ્યા. એક આદર્શ વિદ્યાર્થી તરીકે તેમની ગણના થવા

લાગી. તેઓ ભાષણ કરતા અને ચર્ચાઓમાં ભાગ લેતા. કૉલેજના માસિકના તેઓ તંત્રી હતા. અને ગદ્ય તેમ જ પદ્ય પરનું પ્રભુત્વ નોંધપાત્ર હતું. સાહિત્ય, અર્થશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, ઈતિહાસ, તત્ત્વજ્ઞાન તેમ જ રાજકારણના ઉત્સાહી વિદ્યાર્થી હતા. ઈ. સ. ૧૯૦૦માં તેઓ બી. એ.ની પરીક્ષા આપવા માટે જહાજમાં મુંબઈ આવ્યા. મુસાફરી દરમિયાન તારાંકિત આકાશ અને વિશાળ સાગરના દર્શને તેમને વિદ્વત્તાપૂર્ણ જીવન છોડી, ઈશ્વર પ્રણિધાનમય જીવન સ્ફુરણા થઈ. પરંતુ કરજ કરી, શિક્ષણની વ્યવસ્થા કરનાર માતાની યાદે તેમને આ દિશાથી ફેરવ્યા અને તેઓ પરીક્ષા આપી હૈદરાબાદ પાછા આવ્યા.

બી. એ.ના પરિણામનો તાર શ્રી રૂપચંદ બલીરામે મોકલ્યો. શ્રી વાસવાણીજી પ્રથમ નંબરે પાસ થયા હતા. એલિસ શિષ્યવૃત્તિ તેમને મળી હતી. આને વાસવાણીજીએ ઈશ્વરની કૃપા અને માતાના અનુગ્રહનું ફળ ગણ્યું.

તેમણે માતા વરમદેવીને કહ્યું, ''મેં એલિસ શિષ્યવૃત્તિ મેળવી છે, પણ પરમ સ્વાતંત્ર્ય ક્યારે મેળવીશ?'' માતાએ ચોખવટ કરવા જણાવતાં થન્વરે પોતાનું દિલ ખોલ્યું, ''જીવન ઈશ્વરાર્પણ માટેનું સ્વાતંત્ર્ય મારે જોઈએ.'' મા દુઃખી થતાં તે ન જોઈ શકવાથી તેણે ધનઉપાર્જન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવા કબૂલ્યું.

કૉલેજના પ્રિન્સિપાલે આ પહેલો જ સિંધનો વિદ્યાર્થી ડી. જે. સિંધ કૉલેજમાંથી યુનિવર્સિટીમાં અંગ્રેજી વિષયમાં પ્રથમ આવેલ હોઈ અભિનંદન પાઠવી, બક્ષિસ તરીકે પુસ્તકો તથા રૂ. ૧૦૦ રોકડા મોકલ્યા.

સ્નાતક થયા પછી વાસવાણી દક્ષિણા-ફેલો બન્યા. તેમને માસિક શિષ્યવૃત્તિ મળી. તેમને પોતાનું આગળનું ભણતર ચાલુ રાખી, વિદ્યાર્થીઓને ભણાવવાનું સોંપાયું.

વાસવાણીએ 'ગીતાની' અને 'સુખમની'ના વર્ગો ચાલુ કર્યા. તેમાં ઘણા લોકો ભાગ લેતા. ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વ તેઓ સમજાવતા. કરાંચીના બ્રાહ્મોસમાજમાં પ્રાર્થના માટે તેમને બોલાવતા. સને ૧૯૦૨માં M. A.ની ડિગ્રી મેળવી યુનિયન એકેડેમીમાં શિક્ષક તરીકે જોડાયા.

તેમને ખૂબ સારા કુટુંબની, પૈસાપાત્ર કન્યાઓનાં માગાં આવવા લાગ્યાં, પણ વાસવાણીજીએ માતાને પોતાનો નૈષ્ઠિક બ્રહ્મચારી રહેવાનો નિશ્ચય જણાવી દીધો.

સને ૧૯૦૩માં કલકત્તાની વિદ્યાસાગર કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા. ત્યાં તેઓ તત્ત્વજ્ઞાન અને ઈતિહાસ શીખવતા. કલકત્તાના બ્રાહ્મોસમાજમાં તેઓને પ્રવચન માટે આમંત્રણ આપતા. દર મહિને માતાને તેઓ પગારની રકમ મોકલતા. તેઓને વિદ્યાર્થીઓ પોતાને ઘેર નોતરતા. બધાં જ કુટુંબીજનો - અરે પરદાનશીન બહેનો પણ - ધર્મની ચર્ચા તેમની સાથે કરતાં. તેઓ કાયમ વિદ્યાર્થીઓથી ઘેરાયેલા રહેતા. વિદ્યાર્થીઓ તેમના ઉપદેશને અનુસરતા.

એક દિવસે બધા વિદ્યાર્થીઓ પ્રાધ્યાપક વાસવાણી સાથે ગંગાનદીના સામેના કિનારે એક મોટા બગીચામાં પર્યટન માટે ગયા. જ્યાં થોડો સમય આનંદમાં ગાળ્યો ત્યાં તો આકાશમાં વાદળો ઘેરાયાં અને વીજળીના ચમકારા ચાલુ થયા. પ્રાધ્યાપકે સૌને જલદી તૈયાર થઈ નાવડીમાં બેસી જવા કહ્યું. નાવ જ્યારે

નદીના મધ્યમાં આવી ત્યારે મોટું વાવાઝોડું ફૂંકાયું. બધા વિદ્યાર્થીઓ ગભરાયા. વાસવાણીએ તેઓને શાંતિથી બેસી રહી, ઈશ્વરપ્રાર્થના કરવા કહ્યું અને ''હરે રામ. . .''ની ધૂન ગવડાવી. વાવાઝોડું શમી ગયું અને બધા સહીસલામત કિનારે પહોંચી ગયા. વિદ્યાર્થીઓને વાસવાણીજી પર શ્રદ્ધા બેઠી. તેઓને બધા મહાન વિભૂતિ માનવા લાગ્યા.

કલકત્તાના વસવાટ દરમિયાન વિદ્યાર્થીજગતમાં પ્રેમ અને આદર પામ્યા. પ્રાધ્યાપક વાસવાણીએ તેમને નાનાભાઈ જેવો પ્રેમ આપ્યો.

વાસવાણીને લોકમાન્ય ટિળકને મળવાની ઘણી ઈચ્છા હતી. જ્યારે ટિળક મહારાજ સ્વદેશી અધિવેશન માટે કલકત્તા ગયા ત્યારે વાસવાણીજીએ તેમની મુલાકાત લીધી. ટિળકજી વાસવાણીનાં જ્ઞાન તથા હોશિયારીથી પ્રભાવિત થયા.

કલકત્તામાં પ્રા. વાસવાણી રવીન્દ્રનાથ ટાગોરના સંપર્કમાં આવ્યા. શ્રી ટાગોરે આ યુવાન વિશે ઘણું સાંભળેલું. એક દિવસ શ્રી ટાગોર જાતે પ્રા. વાસવાણીને ઘેર મળવા આવ્યા. આવા મોંઘેરા મહેમાનને ઘેર આવેલા જોઈ વાસવાણી ગદ્‌ગદ થઈ ગયા. સામે ચાલીને ટાગોરજીને ઘેર જવાનો મોકો ન આપવા બદલ વાસવાણીજીએ ફરિયાદ કરી. વિચારોની મુક્ત આપલે થઈ. જ્યારે રવીન્દ્રનાથ ટાગોરે શાંતિનિકેતનની સ્થાપના કરી ત્યારે તેના પ્રમુખ બનવા શ્રી વાસવાણીને વિનંતી કરી પરંતુ જીવનનાં અનેક કાર્યો કરવાનાં હોઈ આ વિનંતીનો વાસવાણીજી સ્વીકાર કરી શક્યા નહીં.

સને ૧૯૦૬માં કરાંચીની ડી. જે. સિંધ કૉલેજમાં પ્રાધ્યાપકની

જગા ખાલી પડતાં મોટાભાઈની ઇચ્છાને માન આપી તેઓ ત્યાં પ્રાધ્યાપક તરીકે જોડાયા. તેઓ તત્ત્વજ્ઞાન અને અંગ્રેજી ભાષાના પ્રોફેસર હતા. સાંજે ગીતા અને સુખમનીના અભ્યાસ-વર્ગો ચાલુ કર્યા. તેમનાં તત્ત્વજ્ઞાન પરનાં વ્યાખ્યાનો વાસ્તવિકતાસભર હતાં. તેમણે વિદ્યાર્થીઓમાં નવું જોમ રેડ્યું. કૉલેજના આયરિશ પ્રિન્સિપાલ ડૉ. જેક્સન પ્રોફેસર વાસવાણી પર ખૂબ ખુશ હતા. કૉલેજના થોડા વિદ્યાર્થીઓને અધ્યાત્મ વિશે રુચિ ઉત્પન્ન થતાં તેઓ પ્રા. વાસવાણીજીને આશ્રમ જેવી વ્યવસ્થા થાય તો તેમના સાન્નિધ્યમાં રહી અભ્યાસ થાય તે દૃષ્ટિએ આશ્રમ ચાલુ કરવા વિનંતી કરી. પ્રો. વાસવાણીને આ વિચાર આવકારદાયક લાગ્યો અને આશ્રમની શરૂઆત થઈ.

પહેલી વિશ્વધર્મ પરિષદ અમેરિકામાં શિકાગોમાં ભરાઈ ત્યારે સ્વામી વિવેકાનંદે ભારતીય સંસ્કૃતિનો ઝંડો ત્યાં ઊંચો લહેરાવ્યો હતો. ૧૯૧૦માં ફરી આવી જ પરિષદ બર્લિન(જર્મની)માં ભરાઈ ત્યારે પ્રો. વાસવાણીજી ચાર પ્રતિનિધિમાંના એક તરીકે ત્યાં ગયેલ અને યુરોપના અન્ય ભાગોનો પણ પ્રવાસ કરેલો. આ સમયે તેમની ઉંમર ત્રીસ વર્ષની હતી. તેમની સાથે ગયેલા પ્રમથલાલ સેન પ્રા. વાસવાણીના ગુરુ હતા અને તેમની આજ્ઞાને શિરોમાન્ય કરી તેઓ પરદેશ સિધાવેલા. હૈદરાબાદ જઈ તેમની માતાની આશિષ સંપાદન કરેલી.

૭મી ઑગસ્ટ ૧૯૧૦ના રોજ વાસવાણીજી બર્લિન પહોંચ્યા. જર્મનીના લોકો હિંદુસ્તાનથી તો મહારાજાઓ જ આવે તેમ માનતા હશે તેથી બહુ આલીશાન હૉટેલમાં તેમનો રાતવાસો રાખેલો. પ્રોફેસર તો જમીન પર સૂવા ટેવાયેલા તેથી તે રાતે

ઊંઘમાં ખલેલ પડી. વિશ્વપરિષદનો પ્રથમ દિન ૯-૮-૧૯૧૦. શ્રી પ્રમથલાલ સેને પ્રારંભિક ભાષણ કર્યું. બીજે દિવસે પ્રો. વાસવાણી બોલેલા. તેઓએ ઋષિમુનિઓના સંદેશાની વાત કરી. દરેકે પોતાની જાતને ઓળખવી જરૂરી છે. કીર્તિ અને સંપત્તિ માટે જાતને ગુલામ બનાવવી ન જોઈએ. ગરીબ માણસમાં પણ મહાન આત્મા વસે છે તેથી સ્વાભિમાનપૂર્વક જીવવું જોઈએ. ભારતીય સંસ્કૃતિ આત્માના અમરત્વને માને છે. તેમણે જર્મન કવિ ગોથેના કવિત્વની તથા વિચારસરણીની પ્રશંસા કરતાં કહેલું કે તેનાં કાવ્યોમાં પણ આત્મનું અમરત્વ ગાયું છે અને બધા જ જીવ માટે આદરભાવ રાખવાની તેમના કાવ્યની શીખને બિરદાવી હતી. ભાષણ પૂરું થતાં અનેક પ્રશંસકો પ્રશ્નો પૂછવા લાગેલા અને તેમનો ફોટો પાડવા ઈચ્છતા હતા પણ વાસવાણીજી આવી માયાથી દૂર રહેવા માગતા હોઈ સહમત થયા નહીં.

બર્લિનની વિદાય લેતાં પહેલાં ત્યાંની વિજ્ઞાનની એકેડેમી તથા પૌર્વાત્ય ભાષાઓના વિભાગની મુલાકાત લીધી. ભારતીય ભાષા પાલિ, સંસ્કૃત અને પ્રાચીન ભારતીય સાહિત્યના વિભાગના વડા પ્રો. વિન્ટરનિટ્ઝની તેમણે મુલાકાત લઈ ખૂબ ઊંડી ચર્ચા કરેલી. રવીન્દ્રનાથ ટાગોરે આ પ્રોફેસરને હિંદની મુલાકાતે નોતરેલા.

જર્મનીથી પ્રો. વાસવાણી ઇંગ્લંડ ગયા. રોઝલિનમાં તેમણે પહેલું ભાષણ આપ્યું. તેમના ભાષણનો વિષય હતો : 'યુરોપને શાની જરૂર છે ?' તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું : ''તમે સત્તા અને કીર્તિની પાછળ દોડો નહીં. આ બધું નાશવંત છે. જ્યારે

કોઈ પણ દેશ, સમાજ કે વ્યક્તિ સત્તા અને કીર્તિની પાછળ દોડે છે ત્યારે એમ સમજવું કે વિનાશ નજીક આવેલ છે. યુરોપે સાદગીભર્યું જીવન જીવવાની જરૂર છે. રોજના જીવનમાં સાદગી અપનાવો. સાદગી એ દેશની તાકાત છે. ૪૨ રૂમના મકાનમાં જન્મેલા અને એક નાનકડી ખોલીમાં દેહત્યાગ કર્યો એવા રશિયાના ઋષિ ટૉલ્સ્ટૉયનું સાદગીભર્યું અને આદર્શમય જીવન તમારા માટે માર્ગદર્શક બની રહો. તેઓ રશિયામાં આમૂલ પરિવર્તન લાવી શક્યા. યુરોપ અત્યારે બહુ દુઃખી છે. સાચું સુખ મેળવવા સાદગીની જરૂર છે.''

લોકો તેમના ભાષણથી પ્રભાવિત થયા. ઘણા લોકોએ તેઓને પોતાના ઘેર આવવા આમંત્રણ આપ્યું. તેમાંનાં એક હતાં સિંધના કમિશનરનાં બહેન. એમણે પોતાના ભાઈને પ્રો. વાસવાણી વિશે લખી જણાવ્યું. જ્યારે પ્રો. વાસવાણી સિંધ પાછા ફર્યા ત્યારે સિંધના કમિશનરે તેમને મકાન, જમીન અને હોદ્દો વગેરે આપવાની તૈયારી બતાવી પરંતુ પ્રો. વાસવાણીએ નમ્રતાથી અસ્વીકાર કર્યો.

વિશ્વધર્મ પરિષદમાં જવાના મોકાથી યુરોપિયન સંસ્કૃતિ અને ત્યાંના લોકો વિશે એમને ઘણું જોવા અને જાણવા મળ્યું. તેમણે ભારતીય સંસ્કૃતિનો સંદેશ યુરોપિયનોને આપ્યો. યુરોપના ઘણા લોકો તેમના ચાહકો અને પ્રશંસકો બન્યા.

યુરોપમાં છ માસ પ્રવાસ કર્યો. ત્યાં માતાનો પત્ર આવ્યો. તેમને ભારત પાછા બોલાવ્યા. ગુરુદેવની આજ્ઞા લઈ ભારત પાછા આવવાની તૈયારીમાં પડ્યા. પાછા આવવાની ટિકિટના પૈસા ન હતા. તેમને શ્રદ્ધા હતી કે ઈશ્વર તે વ્યવસ્થા અવશ્ય

કરશે. કૂચબિહારનાં મહારાણી તે સમયે ઇંગ્લંડમાં હતાં. તેમણે પ્રા. વાસવાણીને આમંત્રણ આપ્યું અને સારો આદરસત્કાર કર્યો. તેમણે ટિકિટની વ્યવસ્થા કરી. કરાંચીમાં લોકોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું.

૩૨ વર્ષની વયે તેઓ લાહોરની દયાલસિંગ કૉલેજના પ્રિન્સિપાલ બન્યા. તેઓ વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોમાં લોકપ્રિય બન્યા. વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા તેમણે યુવક આંદોલનો અને માનવતાના કાર્ય વિશે ઘણી વાતો કરી. તેઓ લોકોને અને યુવાનોને ગુરુ નાનક અને તેમના નવ શિષ્યોની નિઃસ્વાર્થ સેવા અને ત્યાગની વાત કરતા. તેઓ કૉલેજના વાતાવરણમાં આમૂલ પરિવર્તન લાવી શક્યા.

માતાનું કોઈ પણ કામ કરવા તેઓ હંમેશાં તત્પર રહેતા. જે કામ નોકર કરી શકે તે પણ તેઓ કરી આપતા. તેઓ માનતા કે માતાનાં ચરણોમાં જ સ્વર્ગ છે.

૧૯૧૯માં હૈદરાબાદમાં પ્લેગ ફાટી નીકળ્યો. માતા વરમદેવી પ્લેગનો શિકાર બન્યાં. સારવાર માટે તેમને કરાંચી લઈ જવામાં આવ્યાં. પ્રિ. વાસવાણી લાહોરથી કરાંચી પહોંચી ગયા. માતાની સેવા કરવા લાગ્યા. તેઓ જાણી ગયા કે માતા હવે વધારે જીવવાનાં નથી. તેઓ માનતા કે માતાનો અંત શાંતિમય હોવો જોઈએ. ભયના પડછાયા પણ એમની પાસે હોવા ન જોઈએ. તેનો રોગ ભયંકર નથી એ બતાવવા એક દિવસ માતાને આપેલા પ્યાલામાં બાકી રહેલું પાણી તેઓ પી ગયા. ઈશ્વરકૃપાથી પ્રિ. વાસવાણીને કશું થયું નહીં. પણ માતાની હાલત વધારે બગડી અને મૃત્યુ પામ્યાં. માતાની અંતિમ ક્ષણો

હતી ત્યારે પ્રિ. વાસવાણીએ માતાને કહ્યું, ''મા, હું તારો ગુનેગાર છું. ઘણા પ્રસંગોએ મેં તારા મનને દુઃખ પહોંચાડ્યું છે. બ્રહ્મચારી રહીને ઘણું દુઃખ આપ્યું છે. તું મને ક્ષમા કર.'' માતાએ જવાબ આપ્યો, ''મને કોઈ દુઃખ નથી. કારણ તું એક મહાન સંત છે. લગ્નના બંધનમાં તું બંધાયો નહીં તે સારું થયું. મારા આશીર્વાદ તારી જોડે જ છે.''

માતાને તેમણે વચન આપ્યું હતું કે જ્યાં સુધી તે જીવતાં હશે ત્યાં સુધી તેઓ ફકીર બનશે નહીં. હવે તેઓ ફકીર બનવાને મુક્ત હતા. ઈશ્વર અને માનવતાની સેવા કરવાની તેમની પ્રબળ ઈચ્છા હવે પરિપૂર્ણ થવાની હતી. એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તેમણે પતિયાળાના મહારાજાને રાજીનામાનો ટેલિગ્રામ મોકલી આપ્યો. તેમના મિત્રો અને પ્રશંસકો નારાજ થયા. પ્રિ. વાસવાણીએ તેઓને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે, ''જીવન એક કર્તવ્ય છે, પૈસા કે કીર્તિ કમાવાનું સાધન નથી. મારા જીવનનું ધ્યેય ઈશ્વરને પ્રેમ અર્પણ કરવાનું, ગરીબોની સેવા કરવાનું છે. મારું જીવન યજ્ઞ જેવું છે.''

હવે વાસવાણીના જીવનમાં એક નવું પર્વ શરૂ થયું. એ પર્વની શરૂઆત 'સેવા અને ત્યાગ' આ શબ્દોથી થઈ. હવે તેઓ એક સામાન્ય માણસ જેવું જીવન જીવવાના હતા. સમગ્ર ભારતમાં ફરીને યુવાનોમાં દેશપ્રેમ, સાદગી, સેવા અને ત્યાગની ભાવના જાગ્રત કરવાના હતા. હવે તેઓ પોતાની બુદ્ધિ અને સમયનો ઉપયોગ પૂર્વ અને પશ્ચિમના સંતમહાત્માઓના સંદેશનો પ્રચાર અને પ્રસારમાં કરવાના હતા.

**પ્રાધ્યાપક - પ્રિન્સિપાલ - સાધુ**

વાસવાણીજીને તીર્થક્ષેત્રો અને મંદિરોમાં વિચિત્ર અનુભવો થયા. તેમની માન્યતા બંધાઈ કે ભગવાં વસ્ત્ર પહેરીને ભગવાનનું નામ લેવાથી ભગવદ્પ્રાપ્તિ શક્ય નથી. સાચો ભગવાન ગરીબોની સેવામાં છે. ભગવાન મંદિરોમાં કે એકાંતમાં બેસીને મળતો નથી. તે ગરીબોની ઝૂંપડીઓમાં બિરાજે છે.

ગરીબોને મદદ કરી, તેમનાં આંસુ લૂછી નવી ગીતા રચવી જોઈએ. હવન-હોમ જોઈ તેમણે વિચાર્યું કે જીવનમાં ત્યાગરૂપી યજ્ઞ કરતા રહેવું જોઈએ. ગીતાનો યજ્ઞ અને તપસ્યાનો બોધ આ રીતે આત્મત્યાગ કરવા અને નવી ગીતા રચવા; ગરીબોની સેવા કરી તેમનો પ્રેમ અને સહાનુભૂતિ સંપાદન કરવાં જોઈએ.

સિંધી લોકોની વેપારી કુનેહ અને સાંસારિક સાધનપ્રાપ્તિ સામાન્ય સ્વભાવથી ખૂબ જ જુદો તરી આવતો વાસવાણીજીનો આ જીવનદષ્ટિકોણ જોઈ, સિંધી લોકો તેને સાધુ વાસવાણી તરીકે ઓળખવા લાગ્યા. વાસવાણીજીની એ સતત પ્રાર્થના રહેતી કે તેમને સાધુતાને ચરિતાર્થ કરવાનું ઈશ્વરી બળ મળી રહે !

**મીરાં સ્કૂલ**

સાધુ વાસવાણીમાં વસેલ 'શિક્ષક' તે જમાનાના શિક્ષણમાં રહેલી ઊણપો તેમ જ વિદ્યાર્થીઓ ને આશ્રમજીવનની જરૂરિયાત વિશે ચોક્કસ વિચારો ધરાવતો હતો. ભવિષ્યના નેતાઓ, સંતપુરુષો અને આધ્યાત્મિક ઓપવાળી વ્યક્તિઓ જ હિંદને મોખરે લાવી શકે તેવું માનતા વાસવાણીજીએ મહામહેનતે થોડી મૂડી એકઠી કરી, શ્રી કુન્દનમલ જેઓ સત્સંગ એસોસિયેશન સચિવ હતા, તેમને આપી. શ્રી કુન્દનમલની શ્રદ્ધા હતી કે આ

શુભ ભાવનાથી પ્રેરિત રકમથી ઊભી થનાર વિદ્યાર્થીઓ માટેની સંસ્થા એક આદર્શ સંસ્થામાં પાંગરશે. આ નવીન શાળાને મીરાં સ્કૂલનું નામ અપાયું. મીરાંનાં જીવન તથા કવનના આદર્શ પર રચાયેલ આ સંસ્થાએ ખરેખર હવે ખૂબ વ્યાપકરૂપ પકડ્યું છે. હવે સિંધી અને અંગ્રેજીમાં પ્રકાશિત થતું માસિક 'મીરાં' નિયમિત આ સંસ્થાના આદર્શોને ઉજ્જ્વળ રીતે રજૂ કરે છે.

**યુવાજાગૃતિ**

લાહોરમાં પ્રિન્સિપાલ તરીકેની નોકરી છોડ્યા બાદ પાંચ વર્ષે વાસવાણીજી પાછા લાહોર ગયા ત્યારે ત્રીજા વર્ગની મુસાફરી કરતા આ સાધુ-પ્રિન્સિપાલનું સ્કૂલ તથા કૉલેજોના વિદ્યાર્થીઓએ ભવ્ય સ્વાગત કર્યું.

સ્ટેશન પર પત્રકારોને સંદેશામાં તેઓએ કહ્યું : ''યુવાનો જીવનમાં સારાં કાર્યો કરશે તો ભારતનું નવનિર્માણ શક્ય થશે. અભિનવ ઈતિહાસનું સર્જન કરવાની જરૂર છે. તે માનવતાવાદી ક્રિયાશીલ માર્ગે જ થશે, નહીં કે હિંસાથી. દેશનો દરેક યુવાન દેશનો સિપાહી છે.''

**સખી પરિષદ**

હૈદરાબાદમાં ભરાયેલ સખી પરિષદમાં વાસવાણીજીના સૂચન પર આધારિત ચાર મુખ્ય મુદ્દાઓનો સ્વીકાર થયેલો : (૧) પૈઠણ-પદ્ધતિનો અસ્વીકાર, (૨) બહેનોને વિલાયતી પોશાકને બદલે દેશીનો આગ્રહ રાખવા વિનંતી, (૩) સ્ત્રીશિક્ષણ-પદ્ધતિમાં આમૂલ ફેરફાર, (૪) માનવતાવાદી સ્ત્રીપુરુષોનાં જીવનચરિત્રનું કેલેન્ડર બનાવી, તેમની યાદ સતત રહે તે માટે દૈનિક પ્રેરક સંદેશાઓ ઉતારવા.

**ચોથી સિંધ શીખ પરિષદ**

તા. ૭, ૮, ૯ એપ્રિલ ૧૯૩૫માં સીકારપુર મુકામે ભરાયેલ આ પરિષદનું સાધુ વાસવાણીએ ઉદ્‌ઘાટન કરેલ ત્યારે વિશ્વબંધુત્વ અને ઈશશ્રદ્ધા પર ભાર મૂકેલો. એક શીખ મંડળની સ્થાપના કરી ગામડાંમાં ફરી ત્યાગ અને સત્યમય જીવન પર ભાર દેવા કાર્યક્રમ કરવા અનુરોધ કર્યો.

**નામનગર**

હૈદરાબાદની બે માખીજાની બહેનોએ પોતાનું 'મીરાં બિલ્ડિંગ' સાધુ વાસવાણીને ભેટ આપેલ. તેને નવેસરથી બનાવી, તેમાં બહેનોનો આશ્રમ ચાલુ કરી તેને 'નામનગર આશ્રમ' નામ આપ્યું. અહીં તેમણે 'મીરાં વસતિ ગૃહ'ની સ્થાપના કરી બહેનોના જીવનમાં ઉચ્ચ આદર્શો ઉતારવા સક્રિય પગલાં લીધાં.

**કોલંબોનો પ્રવાસ**

મે ૧૯૩૯માં સર્વધર્મ પરિષદ કોલંબો ખાતે યોજાઈ હતી. તેમાં નાદુરસ્ત તબિયત છતાં સાધુ વાસવાણી હાજરી આપવા ગયા. ત્યાંના સિંધીઓએ તેમનું બહુમાન કર્યું. આ વખતે જસન વાસવાણી તેમ જ શાંતિ અને સતી વાસવાણી પણ સાથે હતાં. ત્યાંના વસવાટ દરમિયાન વાસવાણીજીએ અનેક પ્રવચનો આપ્યાં. પાછા વળતાં તેઓએ રામેશ્વરનાં દર્શન કર્યાં. ત્યાંથી મદ્રાસ ગયા. 'આધુનિકતાનું આવાહન' અને 'હરિજન ચળવળ' પર સંભાષણ આપેલાં.

**હૈદરાબાદથી કલકત્તા**

૨૦ નવેમ્બર ૧૯૪૪ના રોજ અખિલ ભારતીય ગીતાજયંતી ઉત્સવ નિમિત્તે આમંત્રણ મળતાં સાધુ વાસવાણી કલકત્તા ગયા.

ત્યાં તેઓએ પોતાને ઈશ્વરનો બંદો ગણાવેલ અને તેનું કામ દિનરાત કરતા રહેવાની પોતાની નેમ કહેલી.

**મીરાં સ્કૂલ – ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ પછી**

૧૫ ઑગસ્ટ ૧૯૪૭નો દિવસ સિંધમાં હિંદુઓ માટે સ્વાતંત્ર્ય-દિન કરતાં ગોઝારા દિન તરીકે વધુ જાણીતો છે. સાધુ વાસવાણીજીએ આ કત્લેઆમમાં હિંદુ તેમ જ મુસ્લિમોને હૃદયપૂર્વક મદદ કરેલી.

મીરાં સ્કૂલની હિન્દુ સિંધી બાળાઓ તો હિજરતમાં ભાગી ગયેલી પણ વાસવાણીજી ત્યાં જ રહ્યા અને તે જ શાળામાં મુસ્લિમ બાળાઓ ભણવા લાગી અને વાસવાણીજીને પહેલાંના જેવા જ આદર અને પ્યાર ત્યાં મળવા લાગ્યાં.

૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૪૮ના દિવસે હિન્દુઓની મોટી કત્લેઆમ હૈદરાબાદમાં થતાં વાસવાણીજી જોકે ત્યાં જ રહ્યા છતાં તેમના મોટા ભાગના સાથીઓને હિન્દ તરફ ચાલ્યા જવાની ફરજ પડી.

૧૨ સપ્ટેમ્બર, ૧૯૪૮, જનાબ ઝીણાના મૃત્યુના બીજા દિવસે, દક્ષિણ ભારતના હૈદરાબાદ શહેર પર લશ્કરી કાર્યવાહી થઈ તેની અસર હૈદરાબાદ સિંધમાં થઈ. વાસવાણીજીના નામનગર આશ્રમ પર પથ્થરવર્ષા થઈ. વાસવાણીજીને આશ્રમ છોડવાનાં એંધાણ જણાયાં.

જનાબ ઝીણાના મૃત્યુદિન - ૧૧ સપ્ટેમ્બર, ૧૯૪૮ના દિવસે પ્રાર્થના બાદ મીરાં સ્કૂલમાં પ્રસાદ વહેંચાયો. તેનો ગલત અર્થ કરી મૃત્યુનિમિત્તે મીઠાઈ વહેંચ્યાનો આક્ષેપ મુકાતાં એક મુસ્લિમ રિવોલ્વર લઈ વાસવાણીનું ખૂન કરવા પ્રેરાયેલો. હૈદરાબાદના કલેક્ટરે ડૉ. શ્રી મગનમલ મારફત વાસવાણીજીને

સિંધ છોડી જવાની સલાહ આપી. તેઓ માનતા કે મૃત્યુ એ મહેમાન છે અને આવે ત્યારે સ્વાગત કરવું તેથી તેઓએ સલાહ પર ધ્યાન આપ્યું નહીં અને ઈશ્વર પરની શ્રદ્ધાને કારણે ત્યાં જ રહ્યા.

થોડા સમય બાદ મીરાં સ્કૂલની શિક્ષિકા લક્ષ્મીબહેનના પિતા મોતીરામ ગિડવાણીનું ખૂન થયું. આ કુટુંબ વાસવાણીજીનું ભક્ત હતું. આ પ્રસંગ બાદ વાસવાણીજીએ હિંદ જવા વિચાર્યું. ચુપકીદીથી તેઓએ અજ્ઞાત અવસ્થામાં કરાંચી આવી થોડા સમય પછી મુંબઈ પ્રતિ પ્રયાણ કર્યું - ૧૦ નવેમ્બર, ૧૯૪૮ના પ્લેન મારફત વાસવાણીજીએ સિંધ છોડ્યું અને અન્ય શિષ્યો જહાજ મારફતે ઊપડ્યા.

મુંબઈ ત્રણ માસ રોકાઈ, પરિસ્થિતિના અભ્યાસ બાદ પૂનાને પોતાના કાર્યક્ષેત્રનું મુખ્ય કેન્દ્ર બનાવવા વિચારી ૧૩ ફેબ્રુઆરી ૧૯૪૯એ તેઓ પૂના આવ્યા.

નિર્વાસિત સિંધીઓને મદદ કરવા એક કેન્દ્ર ચાલુ કર્યું. આ કામ શ્રી તનુમલ અને તેમનાં પત્ની ચતુબાઈએ પ્રેમથી સંભાળ્યું. તેમના દરવાજા ચોવીસ કલાક મદદ ઈચ્છનાર માટે ખુલ્લા રહેતા.

તેમની ૬૯મી વર્ષગાંઠ આસપાસ તેઓ પૂના આવ્યા. વર્ષ ઉપરનો સમય ત્યાં પરિસ્થિતિ જોયા બાદ તેમની ૭૦મી વર્ષગાંઠ સમયે તેમના ઘણા જૂના શિષ્યો પૂના આવી વસેલા હોઈ પ્રવૃત્તિઓની હારમાળા શરૂ થઈ. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે શ્રી રામચંદ દરિયાણીએ ભાડા સિવાય આપેલ મકાનમાં દવાખાનું ચાલુ કર્યું. કર્નલ અડવાણીનાં પત્નીએ સ્મૃતિ માટે

રૂ. ૩,૦૦૦/-ની રકમ આ દવાખાનું ચલાવવા આપી. સિંધ હૈદરાબાદનાં દવાખાનાંની માફક અહીં પણ દવાખાનું શરૂ થયું. તેનું નામકરણ થયું : 'રાધાકૃષ્ણ ધર્માદા દવાખાનું'.

જૂન ૧૯૫૦માં આ જ મકાનમાં મીરાં સ્કૂલ ચાલુ કરી. તે જ અરસામાં સત્સંગની પણ શરૂઆત થઈ. જતે દહાડે આ મકાન વાસવાણીજીની સંસ્થાએ ખરીદી લીધું અને તેમાં (૧) સંત મીરાં કૉલેજ, (૨) સંત મીરાં હાઈસ્કૂલ, (૩) સંત મીરાં અંગ્રેજી માધ્યમ સ્કૂલ, (૪) સંત મીરાં કૉલેજ હૉસ્ટેલ, (૫) ગીતાભવન અને (૬) અમલાણી દવાખાનું - આવી વિધ વિધ પ્રવૃત્તિઓ ચાલુ કરી.

આમ વાસવાણીજીએ જે સિંધમાં પ્રજાહિતનાં કાર્યો શરૂ કરેલાં તેનાથી વધુ કાર્યો કરવાની સગવડ ઈશ્વરે તેમને પૂનામાં કરી આપી.

અખિલ ભારતીય માનવતા પરિષદે મુંબઈમાં અખિલ ભારતીય પ્રાણી કલ્યાણ અઠવાડિયું ૧૯૫૨ના ૨૯ સપ્ટેમ્બરથી ઊજવવાનું નક્કી કર્યું. તેનું અધ્યક્ષસ્થાન સાધુ વાસવાણીએ શોભાવ્યું.

**છેલ્લી સલામ**

૧૫ જાન્યુઆરી ૧૯૬૬ના રોજ સવારે શિષ્યો જોડે ચા પીતાં વાર્તાલાપમાં તેમણે જણાવ્યું કે તેમનાં બે જોડ કપડાં રહેવા દઈ બાકીનાં બધાં ગરીબોને વહેંચી દેવાં.

૧૬ જાન્યુઆરી ૧૯૬૬ના રોજ સવારે ૮-૩૦ વાગ્યે તેઓનો દેહાંત થયો.

સાધુ વાસવાણી આ દુનિયાના એક સુંદર પ્રવાસી તરીકે જીવી

ગયા. ઉચ્ચ ભાવનાભર્યું જીવન, સૌ કોઈ પ્રત્યે પ્રેમમય તેમનું જીવન સૌને પ્રેરણાદાયી છે.

**વાસવાણી અમર છે!**

સાધુ વાસવાણીએ ચાલુ કરેલ અનેક માનવસેવાની પ્રવૃત્તિઓ, શૈક્ષણિક સંસ્થાઓ, આધ્યાત્મિક પ્રાર્થનાસમાજો, ભાઈ જસન વાસવાણી ખૂબ પ્રમેથી અને જોમથી સંભાળી રહ્યા છે. ખરેખર, જ્યાં સુધી આવા સંતો માનવતાને મહેકાવતા રહેશે ત્યાં સુધી સાધુ વાસવાણીનો આત્મા જે અમર છે તે અંતરીક્ષમાંથી આ પ્રવૃત્તિઓને બળ પ્રદાન કરતો રહેશે. અસ્તુ.

## વાસવાણીજીની જીવન-તવારીખ

| | | |
|---|---|---|
| ૧. | જન્મ : હૈદરાબાદ (સિંધ) મુકામે | ૨૫ નવેમ્બર, ૧૮૭૯ |
| ૨. | સાક્ષાત્કાર | ઈ. સ. ૧૮૮૮ |
| ૩. | મેટ્રિક થયા (સિંધ પ્રાંતમાં વિદ્યાર્થીઓમાં પ્રથમ) (મૅકિલઑડ સ્કૉલરશિપ મેળવી) | ઈ. સ. ૧૮૯૫ |
| ૪. | સ્નાતક થયા. (અંગ્રેજીમાં યુનિવર્સિટીમાં પ્રથમ) (એલિસ શિષ્યવૃત્તિ) | ઈ. સ. ૧૮૯૯ |
| ૫. | કરાંચી ડી. જે. સિંધ કૉલેજના દક્ષિણા ફેલો | ઈ. સ. ૧૯૦૦ |
| ૬. | એમ. એ. થયા. | ઈ. સ. ૧૯૦૨ |
| ૭. | કલકત્તા સિટી કૉલેજના ઈતિહાસ તથા | |

| | | |
|---|---|---|
| | દર્શનશાસ્ત્રના પ્રોફેસર | ઈ. સ. ૧૯૦૩ |
| ૮. | ડી. જે. સિંધ કૉલેજ, કરાંચીના અંગ્રેજી અને દર્શનશાસ્ત્રના પ્રાધ્યાપક નિમાયા | ઈ. સ. ૧૯૦૬ |
| ૯. | બર્લિન(જર્મની)માં ધર્મોની પરિષદમાં હાજરી | ઈ. સ. ૧૯૧૦ |
| ૧૦. | લાહોરની દયાલસિંહ કૉલેજના પ્રાચાર્ય | ઈ. સ. ૧૯૧૨ |
| ૧૧. | કૂચબિહારની વિક્ટોરિયા કૉલેજના પ્રાચાર્ય | ઈ. સ. ૧૯૧૫ |
| ૧૨. | પતિયાલાની મહેન્દ્ર કૉલેજના પ્રાચાર્ય | ઈ. સ. ૧૯૧૭ |
| ૧૩. | ઈશ્વર તથા માનવસેવામાં જાતસમર્પણ કરવા પ્રાચાર્યપદેથી રાજીનામું | ઈ. સ. ૧૯૧૯ |
| ૧૪. | સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લીધો | ઈ. સ. ૧૯૨૦ |
| ૧૫. | રાજપુરમાં શક્તિ આશ્રમ સ્થાપના | ઈ. સ. ૧૯૨૬ |
| ૧૬. | સિંધ હૈદરાબાદમાં સખી સત્સંગ-મંડળીની સ્થાપના | ઈ. સ. ૧૯૩૦ |
| ૧૭. | 'સંતમાળા' માસિક સિંધી ભાષામાં | ઈ. સ. ૧૯૩૦ |
| ૧૮. | 'ડૉન' અંગ્રેજી પાક્ષિક શરૂ કર્યું | ઈ. સ. ૧૯૩૦ |
| ૧૯. | લાહોરમાં 'યુવાશિબિર' | ઈ. સ. ૧૯૩૩ |
| ૨૦. | શિક્ષણક્ષેત્રે ''મીરાં-પ્રવૃત્તિ'' | ઈ. સ. ૧૯૩૩ |
| ૨૧. | 'ઍંગ્લો-સિંધી' અઠવાડિક 'મીરાં' | ઈ. સ. ૧૯૩૩ |
| ૨૨. | શિકારપુરમાં સાહિજધારી શીખ અધિવેશનના પ્રમુખ | ઈ. સ. ૧૯૩૪ |
| ૨૩. | મુંબઈમાં અખિલ ભારત માનવતા અધિવેશનના પ્રમુખ | ઈ. સ. ૧૯૩૪ |

૨૪. East & West નામનું અંગ્રેજી માસિક ઈ. સ. ૧૯૩૭
૨૫. 'ધી શ્યામ' સિંધી અઠવાડિક ઈ. સ. ૧૯૩૮
૨૬. હૈદરાબાદમાં મીરાં કૉલેજની સ્થાપના ઈ. સ. ૧૯૩૯
૨૭. સામાજિક-ધાર્મિક બાબત વિશે સત્યાગ્રહ અને સરકાર તરફથી માગણીનો સ્વીકાર ઈ. સ. ૧૯૩૯
૨૮. Pan-Asian વિશ્વશાંતિ પરિષદ કોલંબોના અધ્યક્ષ ઈ. સ. ૧૯૩૯
૨૯. કલકત્તામાં અખિલ ભારતીય ગીતાજયંતી પરિષદના અધ્યક્ષ ઈ. સ. ૧૯૪૪
૩૦. ગીતા-મંદિર અને ભ્રાતૃભાવ ભવનની સ્થાપના હૈદરાબાદ ઈ. સ. ૧૯૪૬
૩૧. મુંબઈમાં આગમન ઈ. સ. ૧૯૪૮
૩૨. પૂનાવાસી થયા. ઈ. સ. ૧૯૪૯
૩૩. રાધાકૃષ્ણ-દયા દવાખાનું ચાલુ કર્યું, પૂના ઈ. સ. ૧૯૫૦
૩૪. પૂનામાં મીરાં હાઈસ્કૂલની સ્થાપના ઈ. સ. ૧૯૫૦
૩૫. પૂનામાં મીરાં પ્રાથમિક શાળાની સ્થાપના ઈ. સ. ૧૯૫૨
૩૬. પ્રાણી-કલ્યાણ સપ્તાહનું મુંબઈમાં ઉદ્‌ઘાટન ઈ. સ. ૧૯૫૨
૩૭. 'East & West' Series પૂનાથી ફરી શરૂ કર્યું. ઈ. સ. ૧૯૫૪
૩૮. મીરાં અંગ્રેજી માધ્યમની શાળા પૂનામાં સ્થાપી ઈ. સ. ૧૯૫૮
૩૯. કન્યાઓ માટેની મીરાં કૉલેજ, પૂના ઈ. સ. ૧૯૬૨
૪૦. મહાસમાધિ ઈ. સ. ૧૯૬૬

## વચનામૃત

— બધાં કામમાં સારું કામ છે આત્મવિકાસ.
— પ્રેમ કરવો એટલે શું ?
— પ્રાપ્તિ નહીં પણ ત્યાગ. સંચય એ મનુષ્ય અને ભગવાન વચ્ચે ખાઈ છે. દાન ભગવત્ દૃષ્ટિ આપે છે.
— કામકાજમાં ડૂબ્યા રહેવા છતાં જો તમે ક્રિયાશૂન્ય હો તેવું મન રહે તો તમારું ચિત્ત સમાધિમાં છે તેમ જાણો.
— કોઈએ મને પૂછ્યું કે શું બધાનો અંત મૃત્યુ છે ? મેં કહ્યું કે આત્માનો મહત્ત્વનો આશય ઉત્ક્રાંતિ છે. મૃત્યુ દ્વારા આત્મા ભૂલોકથી વધુ સમૃદ્ધ સ્તર પર જાય છે.
— જીવનની દરેક ક્ષણમાં જાગ્રત રહો. દરરોજ સેવાનું કંઈક પણ કામ કરો.
— જિંદગીના રાહ ઉપર ચાલી રહેલ મુસાફરનો ભાર હળવો કરો. તેને મદદ કરો. દાન જીવન છે.
— પ્રભુકૃપા જીવનનો ખોરાક છે. તે મેળવવા વિવાદો છોડો. તમારા પર ઉત્તેજના અને વિક્ષેપને કબજો જમાવવા દેશો નહીં. ખોટા વાદવિવાદનો સૌથી સારો જવાબ મૌન છે. મૌનથી પ્રભુકૃપાનું ઝરણું ફૂટે છે. બધી વ્યાધિ અને ઉપાધિનું તે શમન કરે છે.
— તમારું દરેક કાર્ય ઈશ્વરને પૂજા-સામગ્રી અર્પણ કરતા હો એમ સમજી કરો. ધર્મ નથી કોઈ સંપ્રદાય કે કર્મકાંડ કે શાસ્ત્રોનાં પોથાંમાં. જીવનમાં ત્યાગ એ જ યજ્ઞયાગ છે.
— જો સંપત્તિનો એક દશાંશ ભાગ માનવસેવાના કાર્યમાં

સમર્પિત ન થાય તો તે સંપત્તિ વૈભવવાન નથી રહેતી. જરૂરિયાતવાળાને તેનો ભાગ ન આપે તેની સંપત્તિ લૂંટારાએ મેળવેલી સંપત્તિ જેવી છે.

— ભૂખ્યાને અન્નદાન એ પણ ઈશ્વરની ઉપાસના છે.

— તમારાં રોજિંદાં કામકાજ છોડવાનાં નથી. લોકવ્યવહારથી ભાગવું તમારા હિતમાં નથી. અનાસક્ત, નિષ્કામ કર્મની સાધના બરાબર ચાલુ રાખો. કર્મના બંધનથી મુક્તિ મેળવો.

— શિક્ષણનો ઉદ્દેશ દિલને જગાડવાનો છે. જાગ્રત હૃદય મનને સાચા રસ્તા પર ચાલવા પ્રેરે છે.

— વિકાસ સાધવો હોય તો તૃણવત્ નમ્ર, વૃક્ષવત્ સહિષ્ણુ અને સૂર્યમુખીની જેમ નિષ્ઠાવાન ભક્ત બનો.

— પ્રભુ બધાંનો સાથી છે, સર્વશ્રેષ્ઠ સખા છે. પ્રભુ પ્રત્યેની તમારી ભક્તિ અને નિષ્ઠાને દૃઢ કરો અને ઉજ્જ્વળ બનાવો. તમારા અશાંત જીવનમાં દિવ્ય શાંતિ પામશો.

— ઈશ્વર ઇચ્છાની બાબતમાં તમારે પસંદગી કરવાની ન હોય. તેને સ્વીકારો, તેનું સન્માન કરો. પ્રભુએ સોંપેલ ફરજ અદા કરો. વિશ્વાસ રાખો કે તેણે સોંપેલ દરેક જવાબદારી એક વરદાન છે.

— કોઈ પણ ગરીબને જોઈને તમારી પાસે તે સમયે તેને આપવા માટે કશું ન હોય તો હૃદયથી પ્રાર્થના કરો કે પ્રભુ તેના પર કૃપા કરે. આ પણ એક સેવાકાર્ય છે.

— મૃત્યુ પછી મને નથી સ્વર્ગની ઇચ્છા કે દેવલોકના વાસની ઇચ્છા. હું ભગવાનની સાથે એકરૂપ થઈ જાઉં તેવી પણ

ઈચ્છા નથી. નિત્યનૂતન, અનંત, ચૈતન્યમય જીવન ગાળું. પ્રભુની ભક્તિ અને સેવા કરું. મારા મૌન અને કાર્ય દ્વારા પ્રભુને પામું એ જ મારી મનોકામના છે.

— તમારું બૂરું ઈચ્છનારનું પણ ભલું ઈચ્છો. વિશ્વમાં કર્મ-વિપાકનો સિદ્ધાંત અમલી છે. દરેકને કર્મ અનુસાર ફળ મળે છે.

— દરેક અપરાધી કે પાપી સંત-મહાત્મા બની શકે છે. કોઈની નફરત ન કરો. બધાંની સાથે હમદર્દી રાખો. સંવેદનશીલ બનવું તે બીજાંને જાણવાની ચાવી છે.

— નર અને નારાયણ સખા છે. આ વિચાર કેટલો પ્રેરણાદાયી છે ?

— માનવતાની તમારી દિવ્ય મહાનતા સાથે ઊભા થઈ જાઓ. તમે ઈશ્વરપુત્ર છો. ભક્તિ અને પ્રેમ દ્વાર જીવનની કૃતાર્થતા પ્રાપ્ત કરો.

— મોટાં મોટાં કામ નહીં પણ નાનાં કામ દ્વારા આપણું ખરું વ્યક્તિત્વ પ્રકટ થાય છે. નાનાં નાનાં વાક્યો અને કૃતિઓ દ્વારા ચરિત્ર પ્રકટ થાય છે.

— મૌન પાળો. તમારી આંતરિક દિવ્ય ચિનગારીઓ મશાલ બનીને પ્રકાશપુંજ ઈશ્વરની નજીક તમને લઈ જશે.

— જિંદગીનો સૌથી કીમતી ખજાનો શું છે ? બધાંની સાથે શાંતભાવ રાખવાવાળું પ્યારભર્યું દિલ.

— તમારાં કામકાજ, સેવા, કાર્ય વગેરેમાં અનાસક્તિથી વર્તાવ કરો. કોઈ પ્રાણી સાથે નહીં પણ ઈશ્વર સાથે જોડાઈ જાઓ. તમને આંતર્દષ્ટિ લાધશે. તમોને જણાશે કે

ગરીબ, જરૂરતવાળાં પશુ અને પક્ષી બધાં જ સનાતન પ્રભુની છાયારૂપ છે.

— જો ખરેખર તમે હૃદયથી ધ્યાન કરવા ઈચ્છતા હો તો નિષ્કામ થઈ જાઓ. તૃષ્ણા અને વાસનાને કાઢી નાખો. ભગવદ્દગીતામાં કહ્યું છે કે નરકનાં ત્રણ દ્વાર છે - કામ, ક્રોધ અને લોભ. આ દરવાજાથી દૂર રહો. બધી જ તૃષ્ણાઓ અને વાસનાઓને ત્યજો. સ્વર્ગીય સામ્રાજ્યના દરવાજા તરફ ત્યાર બાદ તમે જઈ શકશો.

— જે માણસ પોતે પોતાના માટે જ રાંધે છે તે ચોર છે. કોઈ પણ ગરીબ, ભૂખ્યો-તરસ્યો મહેમાન તારે ઘેર આવે તેને ખવડાવવા જો તું ભોજન ન કાઢે તો લૂંટારાથી તને વધુ સારો શા માટે કહેવો ? જો તું તારા ભાઈનો ભાર હળવો ન કરે, તું થોડો બોજ ન ઉઠાવી લે તો તું ઈન્સાન નથી.

— માણસ જ્યારે પોતાની દિવ્યતાનો ઈનકાર કરે છે, તેને વિશે અજ્ઞાન સેવે છે ત્યારે પાપ અને દુ:ખની શરૂઆત થાય છે.

— દેખાવ ન કરો, બની જાઓ. દિવ્ય તત્ત્વની સાથે એકરૂપ થવું એટલે અસ્તિત્વનો લોપ. પૂર્ણતા પ્રાપ્ત કરવાનો માર્ગ છે - નગણ્યતા. દરરોજ નાના બનવાની કોશિશ કરો. પદ, પ્રતિષ્ઠા અને અધિકાર છોડી દો.

— તમારામાં સામર્થ્ય છે ? તો તે ભોગ માટે નહીં પણ ગરીબ અને કમજોર લોકોની સેવા માટે છે.

— શું તમારી પાસે જ્ઞાનનો ભંડાર છે ? તો તે તમારું અભિમાન વધારવા માટે નહીં પણ આડોશપાડોશમાં જ્ઞાનની રોશની ફેલાવવા માટે છે.

— જાગો ! ઘમંડ અને અહંકાર છોડી દો ! ગુરુના ચરણોનુ અભિવાદન કરો જેથી અંતરજીવનના વિકાસની શુભાશિષ મળશે.

— શુદ્ધ, નિર્મળ જીવન સર્વશ્રેષ્ઠ તીર્થયાત્રા છે. ભગ્ન હૃદયને સાંત્વન પ્રદાન સર્વોત્તમ પ્રભુપ્રાર્થના છે.

— મૌનસ્વરૂપ સનાતન આત્મતત્ત્વમાંથી સૃજનશીલ ઊર્જાની ધારા વહે છે. તે દ્વારા વિશ્વ નિર્માણ કાર્ય થાય છે.

— ગુલાબનાં સુંદર પુષ્પોમાં અને નાનાં બાળકોના ગુલાબી ચહેરામાં પ્રભુ પ્રકાશે છે.

— સાદા જીવનનું રહસ્ય દરરોજ ઈશ્વરમય જીવનમાં છે.

— તમે જે કંઈ કરો અને તમે ગમે ત્યાં કામ કરો - ખેતરમાં, સાળ ઉપર, શાળામાં, ઑફિસમાં, દુકાનમાં - બધે જ તમારી દૈનિક જિંદગી વીતે છે, તે તમારું મંદિર છે. તમે તેના પૂજારી છો. તમે જ નૈવેદ્ય છો, તમે જ સ્તોત્ર છો અને તમે જ યજ્ઞ છો.

— બાળકોના હોઠ પર રમતી સાદાઈ કેટલી સુંદર હોય છે ! રાત પડે અને ગીતાનો શ્લોક ગાતાં ગાતાં ઈશ્વરનો આભાર માનતી પ્રાર્થના ગાઈને બાળકો સૂએ ત્યારે સાદાઈની સુંદરતા દીપી ઊઠે છે.

— પ્રેમ જાણે છે. પ્રેમ ચિંતા કરે છે. પ્રેમ વિકાસ પામે છે. પ્રેમ સહન કરે છે. પ્રેમ આપે છે. પ્રેમ ચાહે છે. પ્રેમ જીવંત છે. પ્રેમ કદી મરતો નથી.

— દરેક બાળકના હૃદયમાં અખૂટ શક્તિ છુપાયેલી છે. તેને ભણાવો, જ્ઞાન આપો. બાળકો આપણને અંધકારમાંથી

પ્રકાશમાં લઈ જશે.

— તુફાનને નિહાળો. તે કેવું સુંદર રીતે ફૂંકાય છે. વાતાવરણને તે શુદ્ધ કરે છે. જેવું કુદરતમાં તેવું જીવનમાં તોફાન શુદ્ધ કરવા આવે છે. તેનાથી ડરશો નહીં. નમ્રતા અને શ્રદ્ધાના ભાવ સહિત તેને સ્વીકારી લો.

— જગતમાં દુઃખ જ છે. ચારે તરફ દુઃખ છે. બધાં પ્રાણીઓ દુઃખી થાય છે માટે જ મારે બધા પ્રત્યે કુમળા અને હમદર્દ બનવું જોઈએ. મારાથી કોઈને કદી નુકસાન ન થજો. ધર્મનું મૂળ અનુકંપા છે. પાપનું મૂળ અભિમાન છે.

— જિંદગી સુંદર છે. ઈશ્વરની એ ભેટ છે. ઈશસેવામાં જિંદગી ગાળો, શૌચ અને પ્રેમમય પ્રકાશવંત જીવન, ખરેખર સુંદર જીવન ગાળો.

— દરરોજ શાંતિમાં બેસીને નાવિક જેમ પ્રાર્થો, ''મારી હોડી નાની છે અને તારો દરિયો અતિ વિશાળ છે, પ્રભુ મને મદદ કર.''

— જમાનાઓનું જ્ઞાન, ઋષિઓનું ગાન એક શબ્દમાં ગવાય - પ્રેમ.

— જીવનની નાવનું લંગર છે પ્રાર્થના. દરરોજ પ્રાર્થના કરો. ઈશ્વર તમને દોરશે. જીવનપથ પર તેના પ્રેમનો પ્રકાશ પથરાવા દો.

— એક દિવસ એક માણસ આવ્યો અને દાદાજીને નોટોનું બંડલ આપતાં કહ્યું, ''દાદાજી, આ પૈસા તમારા મંદિર માટે છે,'' દાદાજીએ તે પૈસામાંથી ગરીબોને જમાડ્યા. તેણે કહ્યું, ''ગરીબનું હૃદય ઉમદા મંદિર છે. તે જમીને

પેટ ભરીને ભગવાનનાં ગુણગાન ગાશે.''

— 'હે પ્રભુ! મને અંધકારમાંથી પ્રકાશમાં લઈ જા.' ઋષિઓની આ પ્રાર્થના પર મેં વારંવાર મનન કર્યું છે, અહંતાનું અંધારું છે. પ્રેમ એ ન બુઝાય તેવો દીવો છે. તેનું એક કિરણ પણ જીવનને અજવાળી જાય તો આપણા પર અપરંપાર કૃપા થઈ કહેવાય.

— માળા છોડીને, મંદિરોના ઘંટ મૂકીને, ગરીબોનાં ઝૂંપડાંમાં જાઓ ત્યાં તમારો પ્રભુ રાહ જોતો બેઠો છે.

— તમારી આકાંક્ષાઓ અને મુસીબતો તમારાં પાપો સહિત પ્રભુના ચરણે ધરો. તમારી અંદરનો અંધકાર પ્રભુ પાસે ખુલ્લો કરવામાં ડરશો નહીં. જેવા છો તેવા તેના ચરણકમળમાં બેસી જાઓ. તેની અસર તમારા પર થવાની.

— ભગવાનનો ખરો ભક્ત કોણ ? જે કદી ફરિયાદ કરતો નથી, પણ સ્વીકારી લે છે - બધા જ ફાયદા, બધાં જ નુકસાન, - જે બધું પ્રભુ મોકલે તે.

— સ્વાર્થ અને એકલપેટાપણું ભયંકર પાપ છે. જ્યાં સુધી માનવ એમ નહીં સમજે કે જુદા જુદા વર્ગો, જ્ઞાતિઓ, પ્રજાઓ અને રાષ્ટ્રો માનવ અને માનવેતર, પશુઓ અને પક્ષીઓ અને સર્વ ચરાચર વસ્તુઓ એક જ જીવનનાં અનેક પાસાં છે ત્યાં સુધી નવી સમાજરચના ઊભી નહીં થાય.

— પ્રાણીમાત્ર પ્રત્યે માયાળુ બનો, સર્વના જીવનમાં સુંદરતા લાવો. નાનાંમોટાં બધાંમાં પ્રભુના મુખારવિંદનાં દર્શન કરો. દયા રાખો. દયામાં સૌને બાંધો.

— ઈશ્વરના માર્ગે ચડવામાં હતોત્સાહ થશો તો હારી જશો. આગળ ધપો, ભાઈ આગળ ધપો. જો તમારામાં જીતવાની હિંમત હશે તો તમે હારશો નહીં. જીવનનો સાદ છે - શ્રદ્ધા રાખો. અંધકાર અને તોફાનમાં ઈશ્વર આપણો રક્ષક છે. તોફાન જ જીવનને સાર્થક કરે છે. કદી જે આશા ગુમાવતો નથી તે જ ખરો માનવ છે.

— સ્વપ્ન સેવો - હે યુવાનો, યોજનાઓ, સંસ્થાઓ, સંગઠનો આવે ને જાય છે, સ્વપ્નો ટકી રહે છે. સ્વપ્નો પ્રજાને જીવન બક્ષે છે, સ્વપ્નસેવીઓ ટીકાકારો નહીં, તવારીખના રચયિતા છે.

— લશ્કરોના બૂમબરાડામાં કે ટોળાંઓના શોરબકોરમાં સ્વતંત્રતા નથી. આધ્યાત્મિક જીવનમાં સ્વતંત્રતા છે. એવા જીવનમાં ગરીબાઈ અને દુ:ખ હોઈ શકે પણ આવી ગરીબી ખજાનો છે. આવું દુ:ખ સેવા માટેની શક્તિ આપે છે.

## દૈનિક મનન

તારીખ ૧. જ્ઞાનવાન મનુષ્યનાં પાંચ એંધાણો છે: (૧) શૌચ, (૨) જીવનસંઘર્ષ વચ્ચે હૃદયની શાંતિ, (૩) નિરભિમાનતા, (૪) અંત:પ્રકાશ, (૫) પવિત્રતા.

તા. ૨. કર્મયોગ એટલે કર્મ દ્વારા જોડાણ. પરમપુરુષ સાથેનું જોડાણ. જે સર્વત્ર છે. ગરીબ અને ગરજવાન તેનાં છે. ઈશ્વર તેનામાં વાસ કરે છે. તેઓના જીવનમાં સહભાગી થવાથી ઈશ્વર સાથે સંબંધ બંધાય છે.

તા. ૩. દરેકમાં એક જ આત્મા વસતો હોવાની દષ્ટિ એ આજની દુનિયાની તાતી જરૂરિયાત છે. કોઈ એક નવો મહાવીર કે બુદ્ધ કે સંત ફ્રાન્સિસ અવતરે અને માનવને એ સત્ય શીખવે કે જે ઈશ્વર નાનાં નાનાં જંતુઓનો મહાન પ્રેમી છે તેને ચાહવા માટે દરેકને ચાહવું એ જ ઉપાય છે.

તા. ૪. વાતોડિયા ન થશો. શાંતિના અવાજને ધ્યાનથી સાંભળો. સુંદર ધ્યાનયોગી થવાનો આ જ રસ્તો છે.

તા. ૫. પ્રાર્થના ને ધિક્કાર કદી સાથે રહી શકતાં નથી. જેનું હૃદય માફી આપી દે છે તે જ ખરી પ્રાર્થના પ્રાર્થી શકે છે.

તા. ૬. તમારી જાતને ઓળખો. દરરોજ થોડો સમય શાંતિમાં અને ધ્યાનમાં ગાળો. ખૂબ જ ટૂંકા સમય માટે ભલેને હોય પરંતુ જ્યાં ઐહિક નિષ્ફળતાઓ કે ઐહિક વિખવાદો પહોંચી નથી શકતા એવા એક ઊંડા ખૂણામાં પહોંચી જવું એટલે ધ્યાન.

તા. ૭. તમારી પાસે એક મંદિર છે – હૃદયમંદિર. દરરોજ તેમાં પ્રભુનાં ચિત્રો ચીતરો. બે રંગની તેમાં જરૂરત છે. શૌચ અને પ્રેમના રંગોથી પ્રભુનાં ચિત્રો ચીતરો.

તા. ૮. આ ભાંગી ગયેલી લોહી નીતરતી માનવતાની સેવામાં જ્ઞાન યજ્ઞ બની રહે એવું જ્ઞાન જોઈએ. સંવેદનશીલતા સિવાયનું જ્ઞાન પોકળ છે.

તા. ૯. પ્રેમાર્પણ કરેલું કામ ઉપાસના બને છે. કામને જ પ્રભુની પૂજા બનાવો. જંગલમાં કે પહાડની ટોચ પર તમને મુક્તિ નહીં મળે.

તા. ૧૦. માળાના મણકા ફેરવવાથી કે મંદિરોમાં ઘંટારવ કરવાથી મોક્ષ નહીં મળે. શ્રીકૃષ્ણે ગાયોની સેવા કરી, પાંડવોએ

ધરતી ખેડી. મુક્તિ સેવાના બંધનમાં છે.

તા. ૧૧. ધર્મ એ ક્રિયાકાંડ, શાસ્ત્રપઠન કે સંપ્રદાય નથી. સાચું જીવન જીવવું એ ધર્મ છે. યજ્ઞરૂપ જીવન એ ધર્મ છે.

તા. ૧૨. આજના જગતને વિચારવું, મનની સાથે રમવું ગમે છે. વિચારથી ઉપર જાઓ. મનસથી પર થાઓ. શ્રદ્ધા, ભક્તિ અને યજ્ઞ દ્વારા પ્રભુનાં આભૂષણોનો છેડો પકડો.

તા. ૧૩. અનેકની વચમાં રહેશો નહીં. મહદ્ અંશે લોકો ભાવનાથી પ્રેરાય છે, વિચારતા નથી. ઈશ્વરની સાથે એકલા રહે તે ખરેખર શક્તિશાળી છે.

તા. ૧૪. જ્ઞાનયોગી સત્ય જુએ છે. કર્મયોગી સત્ય આચરે છે. ધ્યાનયોગી સત્ય વિશે ધ્યાનપૂર્વક સાંભળે છે. દરેક પ્રકાશનાં સંતાન છે.

તા. ૧૫. જે આનંદવિહીન, દુઃખી અને દર્દથી પીડાતા ગરીબ અને ભાંગી પડેલા લોકો છે તેવાઓની સેવા કરવામાં આનંદ માણો. આ આનંદ ઇન્દ્રના સ્વર્ગીય આનંદ કરતાં પણ ચડિયાતો છે.

તા. ૧૬. યોગયુક્ત કોણ છે ? જે સમદર્શી છે, જગત જેને ખરાબ, પડેલા અને પાપી સમજે છે તેને માટે સંવેદનશીલ છે.

તા. ૧૭. તમારા ગુપ્ત વિચારોથી ચેતતા રહો. તમારી આંતરપ્રવૃત્તિ પર કાબૂ રાખો. આ વાજબી હોવા જોઈએ. યાદ રાખો કે તમારા મનમાંથી તમે જે બહાર મોકલો છો તે જ તમારા તરફ પાછું ફરે છે.

તા. ૧૮. જે સારું વિચારે છે તે સાચો પ્રેમ કરે છે. ઉમદા ખ્યાલો, વિચારો, સુંદર, સાચા, ભલા અને તેજસ્વી વિચારો

કરો, જેવું વિચારશો તેવા થશો.

તા. ૧૯. આચરણમાં મૂકો! કામે લાગો! સેવા કરો! પરંતુ મોહમાં પડશો નહી. અલિપ્ત રહો. આનંદ અને દુઃખ પ્રત્યે તટસ્થભાવ કેળવો.

તા. ૨૦. હે મારા પ્રભુ! જીવનના અંધારા રાહ પર મને અણજાણપણે જવા દેજે; પરંતુ તને વફાદાર અને સત્યને વળગી રહેતો રહું તેટલું આપજે.

તા. ૨૧. સાદા રહો. મજબૂત બનો. સમાજ, માનવતા અને વિશ્વની સેવામાં તમારું સામર્થ્ય વાપરો. અન્યની સેવામાં જે ખોવાઈ જાય તેને પ્રભુ જડે છે.

તા. ૨૨. આપો. આપો. આપો. અનુકંપા આપો. સેવા કરો. સૌને પ્રેમ આપો.

તા. ૨૩. પ્રાર્થનાશીલ મનુષ્ય ઘણું મેળવે છે કારણ કે ૐ અથવા તો ગુરુમંત્રનું રટણ પ્રાણની શુદ્ધિ કરે છે.

તા. ૨૪. પ્રાણીમાત્ર પ્રત્યે દયા રાખો. સર્વના જીવનમાં સુંદરતા ભરો. નાનાંમોટાં સૌમાં ઈશ્વરનો વાસ જુઓ. દયાના સેતુ બાંધો. દયાનું બંધન સ્વીકારો.

તા. ૨૫. ખરો ઈશ્વરભક્ત કોણ? જે કદી ફરિયાદ કરતો નથી. તે પ્રભુ જે આપે તે સ્વીકારી લે છે. પછી ભલે તે ફાયદો હોય કે ગેરલાભ.

તા. ૨૬. ફક્ત મનનથી જીવનનો અર્થ લાધશે નહીં. જીવનમાં ભળી જવાની જરૂર છે. આધ્યાત્મિક પ્રગતિ માટે ગરીબની સાથે દોસ્તી જરૂરી છે.

તા. ૨૭. આંતરચક્ષુ સિવાયના માણસને પુસ્તકો આંખ

વગરના મોઢા પર ચશમાં જેવાં છે.

તા. ૨૮. સેવા એટલે શું ? તમારી પાસે બે વસ્ત્ર હોય તો નગ્નને એક આપો. ભૂખ્યાં સ્ત્રી કે પુરુષને જમાડ્યા પહેલાં જમશો નહીં.

તા. ૨૯. એક ફકીરે એક ગુંડાને તેની રહીસહી મૂડી આપી દીધી. તેના શિષ્યોએ જ્યારે પૂછ્યું ત્યારે તેણે કહ્યું, ''ઈશ્વરે મને પૈસો આપ્યો ત્યારે લાયકાત જોઈને ક્યાં આપ્યો હતો ?''

તા. ૩૦. મૃત્યુ એટલે શું ? આવતા જીવનનું દ્વાર. આ સમજણથી મૃત્યુનો ડર ટળશે.

ઍલેકઝાંડરે જ્યારે એક હિંદુ યોગીને મારી નાખવાની ધમકી આપી ત્યારે તેણે બહાદુરીથી જવાબ આપેલો, ''ઇચ્છા હોય તો મારી નાખો. મારો આત્મા તો અમર છે.''

તા. ૩૧. બોસવર્થને કોઈએ પૂછ્યું, ''ઈશ્વરનું અસ્તિત્વ તમે કેવી રીતે જાણી શકો ?'' તેમણે જવાબ આપ્યો, ''એક નાનો છોકરો પતંગ ઉડાડતો હતો. તે એટલો ઊંચો ગયેલો કે નજરે દેખાતો ન હતો. તેને જ્યારે પૂછ્યું કે પતંગ છે તેમ કેમ જાણ્યું ?'' છોકરાએ કહ્યું : ''પતંગની તાણ લાગે છે ને ?'' બસ. કંઈક આ જ ઈશ્વર છે તેનો મને ખ્યાલ આવે છે.

# દાદા વાસવાણીની વિચારધારા

## ધર્મ

જીવનથી ધર્મ વેગળો થયો તેથી ઘણાએ તેના પરની શ્રદ્ધા ગુમાવી છે. પોતાના સાથીદારો સાથે પ્રેમથી અને મદદરૂપ થવાની ભાવનાથી માણસ જીવતાં શીખશે ત્યારે ધર્મ તેનું સ્થાન મેળવશે. આપણા જીવનમાં એકતા નથી તેથી સંસ્કૃતિ ડૂબી રહી છે. ઈશ્વરીય એકતા અને માનવના ભ્રાતૃભાવ પર રચાયેલ જીવન સંસ્કૃતિને બચાવી શકશે.

બધા ધર્મો એક સનાતન ધર્મનાં પ્રતિબિંબો છે. એક અગોચરને જ માનતા રહીને બધાંનું ભલું કરતા રહેવું તે મારી શ્રદ્ધા છે. જુદા જુદા ધર્મવાળાઓ કે ધર્મવિહીનો એક ઈશ્વરના ચરણકમળે તો સૌ એક જ છે. પ્રભુના સામ્રાજ્યમાં કોઈ દુશ્મન નથી. બધાં શાસ્ત્રો આધ્યાત્મિક જ્ઞાનનાં ભંડાર છે.

આજે ધર્મના નામે જુદા જુદા પંથો વચ્ચે ઝઘડા થાય છે. ગેરસમજણનું આ પરિણામ છે. દરેક પયગંબર અને સંત એક દિવ્ય પ્રેમ પ્રદર્શિત કરે છે. અને બધા ધર્મોમાં તે જ એક પ્રકાશે છે.

તત્ત્વજ્ઞાન અને તત્ત્વદર્શનથી પર, વિધિનિષેધો અને ક્રિયાકાંડોથી પર, સંપ્રદાયો અને રૂઢિઓથી પર સર્વમાં વસતા એક ઈશ્વરનાં દર્શન કરવાનાં છે. આ દર્શન કરે તે પ્રેમમાં રંગાયેલો રહે. હૃદયની ભાવના અને પ્રેમમય કર્મો માટે જ તેનો આગ્રહ હોય છે. કર્મ, નહીં કે ધર્મ - ઈશ્વરની આપણી પાસે અપેક્ષા છે. આજની દુનિયાની તાતી જરૂરિયાત છે એવા

ધર્મની, જેનાથી માનવ જીવે અને જેનાથી તેનું જીવન પ્રકાશે - જે જીવન સેવામય હોય.

આ એ ધર્મ છે કે જે સ્વર્ગમાં જ નહીં પણ પૃથ્વી પર આનંદનું સામ્રાજ્ય રચી શકે છે. આ ધર્મનાં ત્રણ મુખ્ય અંગો છે:

પહેલું અંગ છે ફરજ. દૈનિક જીવનમાં ફરજ અદા કરો અને એક દિવસ જ્ઞાન ફરજમાંથી પ્રકાશી નીકળશે.

બીજું અંગ છે સમર્પણ. ઈચ્છાઓનો ત્યાગ કરો. એક દિવ્ય અધ્યાત્મક સ્વરૂપને જીવન અર્પણ કરવાની ઈચ્છા રાખો.

ત્રીજું અંગ છે સેવા અને ત્યાગ. ગરીબ અને જરૂરતવાળાની સેવા કરો. જ્ઞાન અને જીવનની પૂર્તિ સેવામય જિંદગીમાં છે.

આજે જો કોઈ એક ધર્મની સમસ્ત વિશ્વને જરૂરત હોય તો તે છે ગરીબની સેવા કરવાના ધર્મની. ગરીબોનાં ઝૂંપડાંમાં મહાન પ્રભુ વાસ કરે છે.

**જીવન**

એક ટોળામાંથી એક ભાઈએ પૂછ્યું, ''જીવન એટલે શું ?'' એક વૃદ્ધે જવાબ આપ્યો : ''જીવન ! ફીણ અને પરપોટા સિવાય કંઈ વધુ નહીં.'' આ વૃદ્ધનાં યુવાનીનાં સ્વપ્નો જમીનદોસ્ત થઈ ગયાં હતાં. એક યુવાન બોલી ઊઠ્યો: ''જીવન એક નૃત્ય છે. પરંતુ ઉત્તેજના ભર્યાં નૃત્યોનો અંત છેવટમાં શૂન્યતામાં પરિણમે છે.'' કવિ શેલીએ શું કહ્યું છે તે બતાવતાં એક કોલેજયુવક બોલ્યો, ''જીવન એક ચીતરેલો બુરખો છે. તેમાં શું રંગ અને વાર્નિશ જ છે ? બુરખાની પાછળ કંઈ છે ખરું ? શું તેમાં કંઈ ઊંડું, ગહન રહસ્યમય જીવનનું હાર્દ

નથી ?'' શેક્સપિયર પાસે અનુભવનું જ્ઞાન હતું. તેણે કહ્યું છે : ''જીવન તો એક ભરણી (Shuttle) છે. પણ આ ભરણીથી આપણે શું વણીએ છીએ ?'' કોલરિજે કહ્યું છે: ''જીવન એક વિચાર છે. હા ! પણ શું જીવનના પ્રવાસમાં વિચારથી કંઈ વધુ નથી ?'' પવિત્ર ઉપનિષદ કહે છે: ''ઈશ્વર એ જીવન છે, માનવજીવનની વીણા છે - ઈશ્વરમય જીવન.''

માટે જીવન સ્વપ્ન નથી, મશ્કરી નથી. શોકાંતિકા (ટ્રેજેડી) નથી. તે પરપોટો નથી. પડછાયો નથી કે માયા નથી. જીવન ઈશ્વરની પ્રસાદી છે. ઈશ્વરની પ્રસાદી સુંદર હોય છે. આશ્ચર્યભરપૂર હોય છે. દિવ્ય હોય છે. આ જીવન તમને ઊંડા જીવન, ઈશ્વરમય જીવન સાથે જોડવા મળેલું છે. તમારામાં ઊંડે અને વધારે ઊંડે ડૂબકી મારો. તમારા હાથમાં પ્રેમ આવશે. જીવનનું હાર્દ પ્રેમ, પ્રયોજનવાળો પ્રેમ છે. મેઝીની કહે છે: ''જીવન એ એક સેવાધર્મ છે.'' તમારા જીવનનું લક્ષ્ય પ્રેમને પરાવર્તિત કરવાનું છે. જ્યારે પ્રભુ મથુરા ચાલ્યા ગયા ત્યારે ગોપીઓ રડી પડી : ''હે કૃષ્ણ, તમે પાછા ક્યારે આવશો ?'' અને ભગવાને એક ગોપી મારફત સંદેશો મોકલ્યો : ''હું પાછો જરૂર આવીશ પણ એક શરતે - પ્રેમનો પ્રકાશ તમે ફરીથી ફેલાવો.''

જીવન એ પ્રકાશ છે - પ્રેમનો પ્રકાશ. તમારા હૃદયમાં તેને પ્રગટાવો. તમારી આસપાસ તેને રેલાવો. અદ્‌ભુત શક્તિ અને આંતર દૃષ્ટિવાળા તમે એક ચિત્રકાર બનશો. તમે અનેક જીવનોને ઉજાળશો અને સુંદર બનાવશો. તમે કવિનું ગીત ગાશો : ''હે ઈશ, જિંદગી હજુ કેવી પ્રેમમય છે !''

**યોગનું રહસ્ય**

યોગ એ ગીતાનો મધ્યવર્તી વિચાર છે. યોગ શું છે ? ગીતાના જુદા જુદા શ્લોકોથી આપણને અનેક જવાબો મળ્યા છે. બીજા અધ્યાયમાં પોતાના વહાલા શિષ્ય અર્જુનને ભગવાન કહે છે : ''યોગ એટલે સમત્વ.'' સમત્વ સંવાદિતા છે. યોગ સંવાદિતા છે. સંવાદિત માનવ યોગી છે. અર્જુનને શ્રીકૃષ્ણ કહે છે : ''સંવાદિતા સાધવા યત્ન કર.'' સંવાદિતાના કેન્દ્ર સાથે તાલ મેળવો.

આ પૃથ્વી પર આપણે હરીએફરીએ છીએ તે સંઘર્ષનો પ્રદેશ છે. પૃથ્વી પરનું જીવન સંઘર્ષ અને વિસંવાદિતાઓથી ભરપૂર છે. હે અર્જુન, સંવાદિતા માટે યત્નશીલ બન. સાચા જીવનમાં સમત્વ હોય છે.

હારમાં કે જીતમાં, તડકામાં કે વરસાદમાં, સંપત્તિમાં કે વિપત્તિમાં, જગતમાં અને તારી જાત સાથે હે અર્જુન, શાંતિથી રહે. વસ્તુઓની હેરફેરની વચ્ચે તારી અંદર સંવાદિતા બનાવી રહે.

સંવાદિતાના કેન્દ્રને પહોંચવું એ જ યોગ છે. સાચો યોગી સંવાદિતામય હોય છે. તેને આંતરિક શાંતિ લાધી હોય છે. કોઈના વિશે તે દુર્ભાવ કે ધિક્કાર સેવતો નથી.

હે અર્જુન, કોઈ તારાં વખાણ કરશે તો કોઈ તને ધિક્કારશે, તું તો સંવાદિતાના કેન્દ્ર સાથે તાલ મેળવીને રહે. કોઈને ધિક્કારીશ નહીં. બધાંને પ્રેમ કર.

સ્વાર્થથી રંગાયેલ કર્મથી તું ઉપર જા. કર્મફળનો ત્યાગ કર. ઈશ્વરાર્પણ બુદ્ધિથી કર્મ કર.

મનુષ્યો કાર્યરત હોય છે. તેઓ ઘણા જ કાર્યશીલ હોય છે. પણ તેમની પ્રવૃત્તિ મોટા ભાગે આભૂષિત સ્વાર્થમય હોય છે. માટે જ ઘણા માણસો દુઃખી લાગે છે. કાર્લાઈલનો માનીતો હીરો મહાન ફ્રેડરિક હતો. તે કહેતો : ''હું મારી આખી જિંદગી દુઃખી જ થયો છું.'' મહાન મનુષ્યો મહા દુઃખી હોય છે, તેઓ પ્રવૃત્તિ કરતા હોય છે પણ જીવનના આનંદને જાણતા હોતા નથી. ઈશ્વરને આત્મસમર્પણમાં જ આનંદ છે. સમર્પિત જીવનમાં આનંદ છે.

**શિક્ષણ**

હિંદને અને સમસ્ત જગતને નારીહૃદયની મદદ અને પ્રેરણાની જરૂર છે. બાળાઓને શિક્ષણ આપવું તે ખૂબ જ જરૂરી છે. તેમનું ભણતર આધ્યાત્મિક સહાનુભૂતિના વાતાવરણની અંદર થવું જોઈએ. સંત મીરાંની સંસ્થાઓ, શિક્ષણ આધ્યાત્મિક વસ્તુ છે એમ માને છે.

ઈતિહાસમાં અમર થઈ ગયેલ સંત મીરાં સાથે સંકળાયેલ બાલિકાઓની શાળા અને કોલેજ શિક્ષણમાં એક અભિનવ પ્રયોગ કરવાનો એક નમ્ર પ્રયાસ છે. આજનો મહાન ચિંતક જેન્ટાઈલ પ્રકાશ ફેંકતાં કહે છે : ''આધ્યાત્મિક વિષય સિવાયની શાળા હોઈ શકે તે એક બેહૂદો ખ્યાલ છે.''

શિક્ષણ આધ્યાત્મિક આદર્શ પર આધારિત હોવું જોઈએ એવા વિચારથી પ્રેરાઈને સંત મીરાંની શાળા અને કોલેજ કામ કરે છે.

નિયમો, પાઠ્યપુસ્તકો અને મકાનો કરતાં સંત મીરાંની સંસ્થા શુદ્ધ વાતાવરણ પર ભાર મૂકે છે. પ્રેમ અને સેવાના વાતાવરણમાં

જ્ઞાન જન્મે છે અને પોષાય છે. બાળક સર્જક જીવનના કેન્દ્રમાં હોય છે, ફૂલ જેમ ખીલે છે તેમ તેને ખીલવા દેવું જોઈએ. મૃદુતાથી, સહાનુભૂતિથી; બળજબરીથી નહીં, હળવાશથી જોર દેવું એ સારી રીત છે. સાચી જાતના શિક્ષકોની તાતી જરૂરત છે. શિષ્યોને સહાનુભૂતિ અને સમજણપૂર્વક હળવા જોશથી શીખવનારા શિક્ષકો હોવા જોઈએ. ઋષિમુનિઓના જમાનાના આશ્રમોમાં સત્ય માટેના પ્રેમથી કેળવણી આપવામાં આવતી. તે રીતે સંત મીરાંની સંસ્થાઓ કેળવવા પ્રયત્નો કરે છે. ઋષિમુનિઓ કહેતા કે સત્યથી ઊંચો બીજો કોઈ ધર્મ નથી. સાચા સ્વાતંત્ર્યનું હાર્દ જીવન અને તેનાં અનેકવિધ પાસાંઓ માટે પ્રેમ અને સહાનુભૂતિ વ્યક્ત કરવામાં દેખાય છે. સંત મીરાંની સંસ્થાઓ જ્ઞાતિવાદ કે સંપ્રદાયમાં માનતી નથી. બધા જ પયગંબરો, સંતો, ઓજસ્વી પુરુષો, ઋષિઓ - બધી પ્રજાઓ અને બધા ધર્મો માટે આ સંસ્થા આદરભાવ સેવવા શીખવે છે.

સંત મીરાંની સંસ્થાઓમાં અપાતું શિક્ષણ વિશાળ અને સમત્વભર્યું છે. અક્ષરના મરોડ, તવારીખની તારીખો, આંકડાની ગમ્મત કે નવલકથાના પ્રેમપ્રસંગો આ શિક્ષણનો આશય નથી. આ શિક્ષણ રાજવી બ્રહ્મચર્ય એટલે કે સાદાઈ તેમ જ શરીર અને મનની શુદ્ધિ શીખવે છે. આ શિક્ષણ કૌટુંબિક ભાવના કેળવે છે અને પ્રજાનું ચારિત્ર્ય ઘડીને ત્યાગ શીખવે છે.

શાળા ફક્ત પરીક્ષાઓ માટેની તૈયારી કરવાનું સ્થળ નથી. સમજણશક્તિ આપતું પ્રકાશનું કેન્દ્ર છે. હૃદયને પ્રકાશિત કરતું પ્રેમનું કેન્દ્ર છે. આપણા ઘવાયેલા અને ભગ્ન વિશ્વને જરૂરી શાંતિ આપતું જીવિત કેન્દ્ર છે.

અલ ગઝલી નામનો એક મહાન મુસ્લિમ બારમી સદીમાં દૂર દૂરના બગદાદ શહેરમાં રહીને શીખવતો હતો. તે એક તપસ્વી હતો. તે સંયમશીલ અને ધ્યાની હતો. તેની સાથે સાથે વિદ્વત્તાનો ઓપ છે. તે પ્રભુનો બંદો હતો. તેના એક પુસ્તકનું બહુ વિચિત્ર નામ હતું – ''હે બાળક !'' તેમાં મેં આ અર્થપૂર્ણ શબ્દો વાંચ્યા : ''જાણી લે મારા બાળ ! કર્મ વિનાનું જ્ઞાન એક ગાંડપણ છે. અને ઉમદામાં ઉમદા કર્મો એ સેવા છે. માટે પ્રભુ સામે મોં કરી તારી પાસે છે તે ગરીબને વહેંચીને ભોગવ.''

આનાથી વધુ ઉમદા કોઈ વિચાર કે સિદ્ધાંત કે શિક્ષણનું આચરણ અન્ય પુસ્તકમાંથી મળે ખરું ?

એ હકીકત છે કે આપણા શિક્ષણે ગરીબ, જરૂરિયાતવાળા, કચડાયેલા નાના લોકો સાથે આપણો સંપર્ક કરાવવો જોઈએ. એક મૂંગી સૃષ્ટિ છે – પશુ અને પક્ષીની. સંત મીરાંના વિદ્યાર્થીઓ આ મૂક સૃષ્ટિ સાથે જોડાણ સાંધે. આપણામાંના ઘણા આવાં પશુપક્ષીઓને કચડે છે. પોતાના આનંદ ખાતર કે વગર વિચાર્યે કે સ્વાર્થ ખાતર તેને મારે છે. વિદ્યાર્થીઓએ આવાં પશુપક્ષીના સેવક બનવું જોઈએ. વિદ્યાર્થીઓ આવી મૂક સૃષ્ટિના અવાજ બને, હૃદયની ઉષ્મા તેનો મહાન અવાજ બની રહે. આમ મૂક જગત અનંત સાથેનું આપણું પ્રેમબંધન બાંધે છે.

**નવા યુગમાં શ્રીરામ**

શ્રીરામને ભૂતકાળની એક વ્યક્તિ તરીકે નહીં પણ ભવિષ્યની એક સંજ્ઞા તરીકે આપણા વિદ્યાર્થીઓએ ચાહતા થવું જોઈએ. આર્ય સંસ્કૃતિની આધ્યાત્મિક ગુણવત્તા અને સ્વમાનની ભાવના આદર્શને મૂર્તિમંત કરનાર શ્રીરામ છે.

હિંદના યુવાનોને રામાયણ શીખવો. તેનું ચારિત્ર્યઘડતર થશે. આર્ય પ્રજા માટે નવું જ્ઞાન તેમને મળશે. શક્તિ અને સ્વમાનના તેના આદર્શો વિશે તેઓ જાણશે. શ્રીરામ મનુષ્યજાતના એક સાચા રાજા હતા. મર્દાનગીના બીબામાં તેમનું ચારિત્ર્ય ઢાળેલું હતું.

શ્રીરામે સામ્રાજ્યવાદને તિલાંજલિ આપી. રામે રાવણ પર જીત મેળવેલી, સમસ્ત લંકા રામના ચરણકમળમાં પડી હતી છતાં એમાંથી એક ઇંચ પણ તેમને પચાવી પાડવાનું મન ન થયું. તે જ દેશના પુત્ર વિભીષણને રાજગાદી આપી અને પોતે અયોધ્યા ચાલ્યા ગયા. નેપોલિયનથી કેટલી ચડિયાતી વૃત્તિ !

નેપોલિયન નિયતિની માનવશક્તિશાળી એક ભવ્ય આકૃતિ હતો. તે આવતો ત્યારે રાજાઓ ધ્રૂજતા અને સિંહાસનો ડોલતાં. આજના જમાનાના મહાન કાર્યરત મનુષ્યોમાં લેનિન પછી હું નેપોલિયનને મૂકું પણ રામથી તે ઊતરતી કક્ષાનો કહેવાય. નેપોલિયન પાસે શક્તિ હતી; શ્રીરામ પાસે પણ હતી. તેનામાંથી અગાધ શક્તિ વહેતી હતી પણ નેપોલિયન સ્વકેન્દ્રિત હતો. રામ નમ્રતાની મૂર્તિ હતા. રામનો બીજો મહાન ગુણ હતો – તપસ્યા. તપસ્યાના સર્વોચ્ચ ગુણમાં રામની તોલે નેપોલિયન ન આવે તેવું તેના જીવન અને પ્રેમસંબંધો પરથી જણાય છે. રામને જોતાં જ તે માનવોમાં અતિ માનવ જેવા તરી આવતા દેખાય છે. તેની નમ્રતા જે આટલી સાદાઈભરી છતાં ઉદાત્ત, તપસ્યાપૂર્ણ અને પ્રેમથી પ્રકાશિત હતી તેના પ્રત્યે આપણે ખેંચાઈએ છીએ. નેપોલિયન વિજેતા હતો ત્યારે શ્રીરામ

મુક્તિદાતા હતા. રામમાં સાર્વભૌમ રાજા ઉપરાંત ઋષિ પણ બેઠેલો હતો.

રામ શબ્દનો એક અર્થ થાય છે સુંદર. રામની સુંદરતાનું રહસ્ય શું હતું ? તેની તપસ્યા. તેની પ્રજા માટેનો તેનો મહાન ત્યાગ એ તેની સાદી, સુચારુ જિંદગીનું રહસ્ય હતું.

રામ ચૌદ વર્ષ વનવાસ જાય છે. તે વન વન ભટકે છે. રામાયણમાં તેની વાત આપણને કવિતામાં કહી છે. રામના ભ્રમણની આખી વાર્તા ખૂબ જ હૃદયદ્રાવક છે. આખો આંસુથી ભરપૂર થઈ જાય છે. રામના જીવનને સમૃદ્ધ કરનાર તેની આ યાત્રા છે. નવા અનુભવ સાથે તે અયોધ્યા પાછા આવે છે અને રાજગાદી સંભાળે છે. ઈતિહાસનું દર્શન શીખવે છે કે તપસ્વી પુરુષોએ મહાન યુગો શરૂ કર્યા છે. સત્ય અને નીતિ માટે આ ઈશ્વરના લાડીલાઓએ દુઃખ વેઠ્યું છે. દુઃખમાં જ શક્તિનું બીજ પડેલું છે. ક્રૂસારોહણ જ વિજયનો પથ બતાવે છે. શ્રીરામ જીત્યા. રાવણ પાસેથી તેણે સીતાજીને પોતાના ત્યાગની શક્તિથી બચાવ્યાં.

પૃથ્વીમાની પુત્રી તરીકે અવતર્યાં હોય તેવું સીતાજીને વિશે વિધાન છે. પૃથ્વી રાવણના સંકજામાં હતી. આધુનિક સભ્યતાનાં બે મોટાં પાપ આનંદપ્રમોદ અને અભિમાન એટલે રાવણ, સભ્યતા આનંદ અને અભિમાનની મુઠ્ઠીમાં છે. જગતને રાવણ પાસેથી પાછું વાળવા અને નવી સભ્યતા તૈયાર કરવા સાદગી અને આત્મનિયંત્રણની નવી ભાવના જગાડવાની જરૂર છે.

**બ્રહ્મચર્ય**

ભગવાન સાથે ભમવું એટલે બ્રહ્મચર્ય. જીવનમાં આથી વધુ

મહાન સૌભાગ્ય શું હોઈ શકે ? જૂના કાળમાં હિંદુ શિક્ષણનો પાયો બ્રહ્મચર્ય રહેતો. ત્યારે હિંદ ખરેખર મહાન હતું.

આજે હિંદવાસીઓ એક પ્રલોભનથી બીજા પ્રલોભન પર ફરતા રહ્યા છે. આજે તેના વિદ્યાર્થીઓને ઉત્તેજના જોઈએ છે. તેના યુવાનો ભોગ પાછળ દોટ મૂકે છે. આજે જરૂરત છે તપસ્વીઓની અને બ્રહ્મચારીઓની, જે તેને અંધાધૂંધીમાંથી નવા યુગના પ્રભાત તરફ લઈ જાય. પ્રાચીન હિંદમાં પચીસ વર્ષની ઉંમર સુધી દરેકે બ્રહ્મચર્યાશ્રમમાં રહેવાનું ત્યાર બાદ જ તે પરણી શકતો. ઘણા તો ત્રીસ કે ચાળીસ વર્ષ સુધી પણ બ્રહ્મચર્યાશ્રમમાં રહેવાનું પસંદ કરતા. ઘણા આજન્મ બ્રહ્મચારી પણ રહેતા.

માનવનો આત્મા ખીલી ઊઠી પ્રભુનાં દર્શન પામી શકે તે માટેનું સાધન બ્રહ્મચર્ય છે. આ અનુભૂતિ કોઈ દબાણથી કે અસ્વીકૃતિથી થતી નથી પરંતુ વિષયેન્દ્રિયોના ઊર્ધ્વીકરણથી થાય છે. ઇન્દ્રિયોને ધિક્કારવી જોઈએ નહીં. અંતરાત્માને ઇન્દ્રિયોની જરૂરત છે. ઉત્ક્રાંતિનો આશય વસ્તુનો બહિષ્કાર કરવાનો નથી. પરંતુ ધીમે ધીમે આત્મિક જીવન પ્રત્યે જવાનો છે. ભૌતિક વસ્તુઓ તમારા પર પ્રભુત્વ જમાવે તે આધ્યાત્મિક નથી. તમે જો ઇન્દ્રિયોને ધિક્કારીને અવગણશો તો એક દિવસે તે બળવો કરશે.

દબાણમાં રાખેલ વૃત્તિ કોઈક દિવસે ખુલ્લી પડે છે. બળજબરીથી શુદ્ધતાનું સામ્રાજ્ય સ્થાપી શકાતું નથી. દબાણથી વૃત્તિ બળવો પોકારે છે. એક જાતનું માનસિક તૂફાન જાગે છે. માણસ તેને કાબૂમાં લઈ શકતો નથી અને જેટલો ઊંચે ચડ્યો હોય છે ત્યાંથી તદ્દન નીચે પડે છે. ઇન્દ્રિયોને રફતે રફતે

રૂપાંતરિત કરો. તમારી જાત સાથે ધીરજથી કામ લો. આ ઉત્ક્રાંતિ પામતા જગતમાં બ્રહ્મચર્ય પણ ઉત્ક્રાંતિથી મેળવવાની બાબત છે. ચીવટથી, દઢપણે દુઃખ વેઠીને, આગળ ધપીને બ્રહ્મચર્ય વિકસાવો. બાંધકામની આવડત ધરાવતા સ્થપતિઓની માફક બુદ્ધિપૂર્વક બ્રહ્મચર્યની ઈમારત બાંધો. લાંબી, પહોળી અને મજબૂત દૈનિક સાધનાનો પાયો નાખો. જેટલો વધુ સારો પાયો હશે તેટલો વધુ જોરદાર માનસિક તોફાનોની ટક્કર ઝીલે એવો આત્મા બનશે.

વાચા, મન અને હૃદયનું ત્રેવડું બ્રહ્મચર્ય પાળો.

**૧. વાણીનું બ્રહ્મચર્ય :** નાનામાં નાની વિગતમાં પણ સત્યનો આગ્રહ સેવો. વધારીને વાત ન કરો. ગપસપ છોડો. માયાળુપણે બોલો. અન્યને મદદરૂપ થવા બોલો. શુદ્ધિની ક્રિયાઓ ધીમે ધીમે કરતા જાઓ જેથી જ્યારે તમે બોલો ત્યારે તમારી મુખ્ય ભાવના વૈશ્વિક ઉત્ક્રાંતિને મદદ કરવાની રહે.

**૨. મનનું બ્રહ્મચર્ય :** વિચારશક્તિ ખીલવો. અહમ્‌ને હટાવો. ખૂબ ઊંડું વિચારો. પોતાના ફાયદા માટે કે સામાજિક વખાણ માટે નહીં. જુદી જુદી પ્રજાઓને ઊભી કરવાના ઈશકાર્યમાં સાથીદાર તરીકે કામ કરવા માટે રચનાત્મક વિચારધારા ખીલવો.

**૩. હૃદયનું બ્રહ્મચર્ય :** જેણે હૃદયનું બ્રહ્મચર્ય ખીલવ્યું છે તે અકથ્ય સમૃદ્ધિ ધરાવે છે. કારણ તેનું જીવન પ્રેમથી સભર હોય છે. તે અવાજ નથી કરતો. બધા જ બાહ્ય પ્રદર્શન કરી તે ઉત્તેજના થાય તેવું વર્તન ત્યજે છે તે શાંતિથી અને શાનથી કામ કરે છે, દેખાવ સિવાય પ્રાર્થના કરે છે. તેણે આત્મસંગોપનની કળા હસ્તગત કરી હોય છે. તે નમ્ર, ધૈર્યવાન અને બળવાન હોય

છે. તેનાં વિચાર અને વાણીમાં સર્જનાત્મક શક્તિ ભરી હોય છે. તે સર્વ પ્રત્યે રોગહર સ્પંદનો મોકલે છે. તેની આંખોમાં ગૂઢ આધ્યાત્મિક તેજ પ્રકાશે છે. આવો બ્રહ્મચારી ભાગ્યશાળી છે. ત્રણ વખત તાપથી પરિશુદ્ધ થયેલ સોનાની માફક રાગના તાપમાંથી તવાયેલો આ બ્રહ્મચારી નસીબવંતો છે. તે લડ્યો છે. તેણે જાતને જીતી છે. અને તેથી ઉપર ઊઠીને પ્રભુ સાથે સંબંધ બાંધ્યો છે. તેણે મુખ્ય નાયકનો પાઠ ભજવી પ્રભુના નાના બાળકની પદવી પ્રાપ્ત કરી છે.

અને ખરેખર આવા જ બ્રહ્મચારીઓ માટે સ્વર્ગનું સામ્રાજ્ય છે.

**પ્રભુનું સરનામું**

એક સૂફીને કોઈએ પૂછ્યું, ''ઈશ્વરનો વાસ ક્યાં છે ?'' સૂફીએ કહ્યું, ''મેં તેને મંદિરોમાં શોધ્યો, મસ્જિદોમાં શોધ્યો, જુદાં જુદાં ગામ અને ગામડાંમાં શોધ્યો. અનેક દેશો હું ઢૂંઢી વળ્યો. છેવટે ખૂબ થાકીને રખડ્યા બાદ મારો વહાલો મને મળ્યો.'' શિષ્યે પૂછ્યું, ''આ પ્રભુને આપે ક્યાં ભાળ્યા ?'' સૂફીએ જવાબ આપ્યો, ''એક દિવસ સાંજે ઝાંખી બત્તી બળતી હતી તેવા એક ઘરમાં હું ગયો. એક ખાટલા પર એક બાઈ સૂતી હતી. બાજુમાં તેનો પતિ હતો. બાઈનું એક હાડકું તૂટી ગયું હોવાથી તેને અનહદ દુઃખ થતું હતું. આ બાઈના પતિ ઉપરાંત તેની પુત્રી પણ ત્યાં હતી. દિવસ દરમિયાન ધંધા પર બાપ જાય ત્યારે દીકરી માતાનું ધ્યાન રાખતી. સાંજે પતિ પાછો ઘેર આવે, રાત જાગી તેની સંભાળ લે અને તેને જોઈતી વસ્તુ આપે. રાત આખી તેની સેવા કરે. તે ખુદાને બંદગી કરતો, 'હે જીવનદાતા, મારી પત્નીએ મારી વીસ વર્ષ કે તેથી વધુ સેવા કરી

છે. તેને સાજી કરી દે. તેના પર કૃપા કર.' હું તરત જ ઘૂંટણ પર પડ્યો અને તે પતિનાં ચરણો મેં ચૂમ્યા અને કહ્યું : "તું નસીબવંત છે. તારી પુત્રી પણ નસીબદાર છે, આ ઘરમાં મને મારો ઈશ્વર મળ્યો."

સત્ય એ છે કે જે સાચા ભાવથી કાર્ય કરે છે તે ઈશ્વરને ઓળખે છે, મંદિરનો પૂજારી નહીં.

**નવલ વર્ષનો સંદેશ**

અનંતતાના ગર્ભમાંથી નવું વર્ષ આવે છે. જગતને તે દુઃખ અને દર્દથી ભરેલું જુએ છે. અંધાધૂંધીમાંથી આર્થિક મંદી જન્મે છે. પૂર્વ અને પશ્ચિમને તે ઘેરી લે છે. હિંદનાં અને હિંદ બહારનાં કરોડો પુરુષો, સ્ત્રીઓ અને બાળકોને પૂરતું ખાવાનું પણ મળતું નથી. ગરીબી અને ભૂખમરો કરોડોનાં મોં સામે ઘૂરકે છે. બેકારી વધતી જાય છે. વિભાજનનાં પરિબળો જોશ પકડતાં જાય છે. શું નવું વિશ્વયુદ્ધ અનિવાર્ય છે ? હિંદુસ્તાન અને બીજા પૂર્વના દેશો, પશ્ચિમના ઇંગ્લંડ અને અમેરિકા ન સમજી શકાય અને કાબૂ ન કરી શકાય તેવાં પરિબળોનો સામનો કરી રહ્યાં છે. પૂર્વ અને પશ્ચિમના દેશો વિભાજનની ભાવનાથી વધુ ને વધુ દોરાઈ રહ્યા છે. અને મારા હૃદયમાં એક નવી ઐક્યની ભાવનાનો એકાકી અવાજ ઊઠે છે. મારો આશરો ઈશ્વર છે. તે સર્જનાત્મક શક્તિઓ મોકલે છે. બધી પ્રજાઓને સંસ્કૃતિ બચાવવા માટે આની જરૂર છે. આ કાળની અંધાધૂંધી અને અવ્યવસ્થામાં જગત બગડી ગયું છે અને વિકૃત થઈ ગયેલું છે, ભાંગી પડ્યું છે અને લોહીલોહાણ થઈ ગયું છે. તેવે વખતે મારો સાદ પહોંચે ત્યાં સુધી બધાને બોલાવીને હું કહું છું, "પ્રભુ તરફ વળો. તે

દૂર નથી. તે તમારી અંદર છે. મંદિરોમાં તે રહ્યો નથી. કારણ તે આધ્યાત્મિક પરિબળોનાં કેન્દ્રો રહ્યાં નથી. નિમ્ન મને શાસ્ત્રોની ચાવી ખોઈ નાખી છે. તેથી પણ ઈશ્વર મળે તેમ નથી. ક્રિયાકાંડમાં સંસ્કાર રહ્યા નથી તેથી ઈશ્વર ત્યાં રહ્યો નથી. ભૂતકાળના મૃતપ્રાય ધાર્મિક પોથાંથોથાંઓમાં તે નથી. તે જીવંત છે પણ જગત તેને ભૂલી ગયું છે, પ્રભુ હજુયે તમને શોધે છે. દૂર શાને ભાગો છો ? તે તમારી અંદર છે. પ્રજાઓએ તેને પોતાનો ગણ્યો નથી. કોઈ પણ રાજકીય સંધિઓ કે લખાણો આ અંધાધૂંધીના જમાનામાંથી આપણને ઉગારી શકે તેમ નથી. આ કાર્ય રાજકીય નથી રહ્યું. પૂર્વ અને પશ્ચિમની પ્રજાઓમાંથી નવી એકતાની આર્ષદષ્ટિથી પ્રભાવિત માનવો ઊભા થવા જોઈએ. આવા માનવો જીવંત દષ્ટિવાળા, સત્ય અને પ્રેમના સેવકો, સર્જનાત્મક દષ્ટિવાળા તેમની આત્મશક્તિથી કામ લે તેવી ઈશ્વરને પ્રાર્થના છે.

**વૈશ્વિક ધર્મ**

હિંદના એક પનોતા પુત્રને ભૌતિકશાસ્ત્રનો નોબલ પુરસ્કાર મળ્યો. મારા હૃદયનાં પ્રેમ અને નમ્રતાથી સર રમણને પ્રણામ કરું છું. તેણે હિંદને નામના અપાવી છે, તેણે માનવજાતને સમૃદ્ધ બનાવી છે. સર રમણ સાથે આગબોટમાં મારો એક પરમ મિત્ર હતો. બંને યુરોપથી હિંદ આવતા હતા. બંને વાતો કરતા હતા. સહસા સર રમણે આકાશમાં તારાઓ પ્રત્યે નજર કરતાં કહ્યું, ‘‘હે તારલાઓ, માનવ તમારી સામે શી વિસાતમાં છે ?’’ સર રમણના શબ્દોમાં નિ:શંક વૈશ્વિક ભાવના ભરી હતી. દરેક મહાન વિજ્ઞાની વૈશ્વિક અનુભવથી હલી ઊઠે છે. વિજ્ઞાન અને ધર્મ બંને

બ્રહ્માંડની ચેતનાનાં બાળકો છે. વિશ્વની ચમત્કૃતિના અભ્યાસમાંથી વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સંશોધન વિકસે છે. ધર્મ કોઈ સંપ્રદાય કે મતાગ્રહ નથી. કુદરતમાં વ્યાપ્ત બ્રહ્માંડના રહસ્ય પ્રત્યે આદરભાવનું વલણ એટલે ધર્મ. માનવતાના મહાત્માઓના હૃદયમાં ધર્મનાં દર્શન થાય છે.

જ્યારે બ્રહ્માંડનો ભાવ ખીલે છે ત્યારે આપણાં આયોજનો અને આપણી વસ્તુપ્રાપ્તિની દોટ કેવી વામન છે તેનું ભાન થાય છે. જાગ્રત માનવ આ દોટની અસારતાનું મિથ્યાત્વ જુએ છે. આપણે કેટલું અલ્પ જાણીએ છીએ ! ખરેખર આપણે કેટલું અલ્પ પામીએ છીએ ! ગેથે તેના કાવ્યમાં કહે છે કે એક નાનું વર્તુળ આપણા જીવનને સીમિત કરી દે છે. આપણા વિશે આપણે ખૂબ ઊંચા વિચારો ધરાવીએ છીએ પણ બ્રહ્માંડમાં આપણે કેટલી નાની જગા રોકીએ છીએ ! તારાઓના પ્રમાણમાં માણસ કેટલો વામણો છે !

ત્યારે શું આપણે હાથ જોડીને નવરા બેસી રહેવું ? ના ! કામ કરીએ પણ ભગવાનના સાધન બનીને. આપણે કેટલા અલ્પ છીએ ! પણ પ્રભુ એક મોટો કારીગર છે. પ્રભુની સેવાના સાધન બનવાનું આપણને સૌભાગ્ય પ્રાપ્ત થાય, તેનું કામ કરવાનું મળે, મહાન યોજનાઓ અને કાર્યક્રમોને જવા દો. આપણા ક્ષેત્રમાં આપણી નાની એવી નમ્ર સેવા ઈશ્વર જે સોંપે તે કરીએ તો ઘણું. આમ આપણે સાચું જીવન જીવીશું. સાચું કારણ કે તે સમર્પિત હશે, સુંદર હશે. ભલે જગત તેને ભૂલભરેલું કે નિષ્ફળ કહે. બ્રહ્માંડની આપણી ભાવના સદૈવ જીવંત રાખીએ. આપણી નમ્રતા વધતી રહે. પ્રેમમય સેવા જીવન સમૃદ્ધ બનાવે છે.

**આંતરરાષ્ટ્રીય શિક્ષણ**

જ્ઞાન, સૌંદર્ય, ભલમનસાઈ અને એવાં જીવનને સ્પર્શતાં આદર્શ મૂલ્યો આંતરરાષ્ટ્રીય છે. કોઈ એક પ્રજા કે જાતિનો તે ઈજારો ન હોઈ શકે. દિવ્ય માનવજાતનો તે વારસો છે.

આજે પ્રગતિનું માપ પ્રયુક્તિઓ, વ્યવસ્થાશક્તિ અને સંપત્તિ પરથી થાય છે. હિંદમાં આશ્રમોની અંદર ચારિત્ર્ય પર ભાર અપાતો, ભૌતિક વસ્તુઓ પર નહીં. હિંદીઓનું જીવન ગુરુ અને ગોવિંદ માટે ભક્તિ, પશુ અને પક્ષીઓ માટે હૃદયોર્મિ અને સમાજસેવા પર આધારિત રહેતું.

પ્રાચીન હિંદમાં સત્ય એ ચારિત્રનો પાયો કહેવાતો. હિંદના ગુરુઓ કહેતા કે સત્યથી ચડિયાતો કોઈ ધર્મ નથી. ગુરુ દરેક શિષ્યને શીખવતો કે નાત, જાત અને સંપ્રદાયથી ચડિયાતું સત્ય છે.

આ સત્યને કેમ જાણવું ?

૧. હૃદયમાં તેના પર મનન કરો. ૨. કોઈ એક ઉદાહરણમાં પ્રતીક કે કોઈ એક પ્રકાશવંત જીવનમાં સત્યને પ્રતિબિંબિત થતું નિહાળો.

સત્ય એટલે ઊંડે હોય છે કે તેને પામવું મુશ્કેલ બને છે. પરંતુ એક પ્રકાશમય જીવનમાં સંત કે ગુરુ કે સાદા માનવમાં તેને પ્રતિબિંબિત થતું આપણે જોઈ શકીએ કારણ સત્ય સાદું છે.

બીજું બધું છોડો. સત્યનાં દર્શન હૃદયમાં થઈ શકે કારણ સત્ય નિતનવું છે. ખરેખર જે સત્યની શાસ્ત્રો વાત કરે છે તેને આપણા હૃદયમાં અને જીવનમાં ફરીથી શોધવું જોઈએ. જો આપણે આપણું નિત્યકર્મ કરીશું અને ગરીબોની પ્રેમભરી સેવા તેમ જ

પશુપક્ષીઓ પ્રત્યે માયાળુ વર્તન કરીશું તો આપણાં હૃદય અને ચક્ષુઓ નિર્મળ બનશે અને સત્યનાં દર્શન કરી શકશે.

ઋષિઓની દષ્ટિએ સર્વમાં એક જ આત્માનો વાસ દેખાતો. કોઈ પણ સંપ્રદાય કે રંગના આપણે હોઈએ, આપણે સૌ એક દિવ્ય વિશ્વનાં સંતાનો છીએ. અફસોસની વાત એ છે કે શિક્ષણની ચાલુ પદ્ધતિઓ સમસ્ત દિવ્ય જીવન એક જ છે એમ માનતી સંસ્થાની અવગણના કરે છે. આપણું સ્વદેશાભિમાન પ્રાદેશિક છે. વિદ્યાર્થીને માતૃભૂમિ માટે પ્રેમ રાખવાનું શીખવાય છે પણ આ પ્રેમ અન્ય દેશો સુધી પહોંચતો નથી. અનેક વાર એવું બને પણ છે કે આપણો આ સ્વદેશપ્રેમ અન્ય પ્રજાઓ માટે ધિક્કારથી ભર્યો હોય છે. આપણાં સંસ્કૃતિનાં કેન્દ્રોએ એમ સમજાવવું જોઈએ કે જ્ઞાન, સૌંદર્ય, ભલમનસાઈ વગેરે જીવનનાં આદર્શ મૂલ્યો આંતરરાષ્ટ્રીય છે.

આપણા ઋષિઓ કહેતા કે શિક્ષણ આત્માની સંસ્કારિતાનો કોયડો છે. દરેકના જીવનમાં અગાઉનાં ઘણાં જીવનોનો અનુભવ પડ્યો હોય છે. શિષ્યને તેના કોષ ખોલીને ઉત્ક્રાંત થવામાં મદદ કરવા માટે ગુરુમાં આધ્યાત્મિક અંતરસૂઝ હોવી જોઈએ.

હિંદ હજુ સાચી દૃષ્ટિથી મુક્ત થયું નથી. તેનાં બાળકો હજુ બંધનમાં છે. અફસોસ છે કે હિંદના ઘણા મહાનુભાવો ઐહિક વૈભવ અને વિત્ત મેળવવામાં લાગી પડ્યા છે. આશ્રમશાળાઓમાં કેળવાયેલા શિષ્યો માટે મારી આશા બંધાય છે. ખરા હિંદના આદર્શો તેમનામાં નવેસરથી જન્મશે અને પૂર્વ અને પશ્ચિમના ભાઈચારાવાળી આપણી પ્રજાની નવી જિંદગી આત્માની ઉપાસનામાંથી ઝળકી ઊઠશે.

**અક્ષય સ્રોત**

જીવનનો સાચો નિયમ ગીતા ખુલ્લો કરે છે. તે છે ''આપો'' - આપતાં શીખો. કેટલી બધી વખત ગરીબ માણસો નાણાકીય મદદ માગતા હોય છે ! આપણે જોઈએ છીએ કે આપણી પાસે આપવા માટે ઘણું ઓછું હોય છે. આપણે એમ પણ જોઈએ છીએ કે ઘણી વખત આપણી પાસે જે કાંઈ હોય તે બધું આપી દેવાના સંજોગો હોય છે. આવે વખતે યાદ રહે કે આપનાર મહાન ઈશ્વર છે. શું તે જીવનમાં અક્ષયપાત્ર નથી ?

ગીતા કહે છે ભગવાનના સાધન બની તમારે ભાગે આવેલ ભાગ્ય ભોગવો. જો તમે તેના માટે કામ કરતા હશો તો તમારો ભંડાર હંમેશાં ભર્યો ભર્યો અને છલકાતો રહેશે. એક ક્ષણ માટે પણ વિચારશો નહીં કે તમે આપી રહ્યા છો. ગીતા આપણને આવો ભ્રમ હોય તો ફેંકી દેવા કહે છે. આપનાર ભગવાન પોતે છે. ભંડાર તો કુબેરના પણ ખૂટી જાય પણ ભગવાનના ભંડાર અક્ષય છે, અખૂટ છે. માટે વારંવાર ઈશ્વરનો સંપર્ક સાધતા રહો. કર્મયોગ મુખ્યત્વે ધ્યાન સાથે સંકળાયેલ છે. ભગવત્ નામનું રટણ કરતા રહો.

ભગવાનની શક્તિ તમારા મારફતે કામ કરે તે માટે તેના ચરણકમળમાં આત્મસમર્પણ કરો. આ દુ:ખ અને દર્દભર્યા વિશ્વમાં ભગવાનની મદદ અને રોગહર શક્તિ તમારા મારફત વહેવા દો. જ્યારે તમે ભગવાનને આત્મસમર્પણ કરો છો ત્યારે તમે પૂર્ણ સુરક્ષિત થઈ જાઓ છો. તમારે ભટકવું નહીં પડે. હવે તમારો બોજ તે ઉપાડી લેશે. આ જ સત્ય ઈશુ ખ્રિસ્તે કહેલું, ''પહેલાં ઈશ્વરનું સામ્રાજ્ય શોધો જેથી બધી વસ્તુઓ તમને

આપમેળે આવી મળશે.''

**જ્ઞાન તો બધે એક જ છે**

પૂર્વ અને પશ્ચિમ વચ્ચે ભેદો છે પણ આ ભેદોથી સંવાદિતા પુષ્ટ થાય છે.

હિંદ અને ચીનના મહાન વિચારો, ઈજિપ્ત અને ઈરાન, તેમ જ દક્ષિણના મહાન સંતોનાં મન અને હૃદય, તેવી જ રીતે પ્લેટો અને ઓગસ્ટિનનું જ્ઞાન, એપોલોનિયસ અને એક્વિનસના વિચારો, ઉપનિષદનું ગૂઢ સત્ય, ઈશુ ખ્રિસ્તની શાશ્વત શિખામણ આ બધાં શું એકબીજાં સાથે મેળ નથી ખાતાં ? તેમાંથી શું પૂર્વ અને પશ્ચિમનો એક જ પ્રકાશ - પ્રેમનો પ્રકાશ નથી દેખાતો ? શું હિંદુસ્તાનનો શાંતિ અને એકતાનો મંત્ર પ્રકાશ અને સંવેદનશીલતાનો મંત્ર પશ્ચિમના સંત-સાધુઓના મંત્ર જેવો જ નથી ? મારી અંતરની ઉત્કટ ઈચ્છા છે કે આજના વિખવાદની ઉપર ઉપર આ ઐક્યનો અવાજ ઊઠે. અને ઋષિઓ અને સંતોએ પોકારીને કહેલ સત્ય ''અલગતા નહીં, આપણે બધા ભાઈઓ છીએ.'' આ સત્ય ફરીને ગાજી ઊઠે.

નેઝારેથના જિસસે કહ્યું : ''ઈશનું સામ્રાજ્ય તમારી અંદર વસેલું છે.'' તેની સદીઓ પહેલાં ગીતાએ પોકાર કરેલો, ''અર્જુન, ઊઠ અને તારી અંદર વસેલા આત્માનાં દર્શન કર.'' જે આ વાત જાણે છે તેને માટે કશું ધર્મનિરપેક્ષ નથી. દિવ્ય ભાવથી કશું વિરુદ્ધનું નથી. એક રશિયન કહેવત છે, ''દરેક નવો ઊગતો દિવસ ઈશ્વરનો કાસદ છે.'' સાચેસાચ દરેક વસ્તુ એક અને અદ્વિતીય પવિત્ર આત્મા છે. મુસ્લિમ રહસ્યવાદી અહમદ-અલ-રૂફીએ આમ કહ્યું છે, ''હું તને ગોતવા જાઉં છું

અને તું તો મારી પાસે જ હો છો. કેવું ભવ્ય ! હું તારી સામે જોવા જાઉં છું અને તને મારી બાજુમાં જ ભાળું છું.'' પૂર્વ અને પશ્ચિમના મહાન ઋષિઓ અને સંતોએ ધર્મનો સાર પ્રેમ છે, ભાઈચારો છે, ગરીબગુરબાંની સેવા છે એમ કહ્યું જ છે. સંત જોન કહે છે, ''ઈશ્વર પ્રેમ છે, જે પ્રેમમાં વસે છે તે ઈશ્વરમાં વસે છે, અને ઈશ્વર તેનામાં વસે છે.'' પૂર્વ અને પશ્ચિમ બંને કહે છે કે આ પ્રેમ એટલે ઈશ્વરનો પ્રેમ તેમ જ માનવ માટેનો પ્રેમ. ઈરાનનો સૂફી કવિ ગાય છે, ''જેનું પહેરણ પ્રેમને કારણે ફાટ્યું છે તેના પર ઈશ્વરે અનુગ્રહ કર્યો છે.'' સંત સર્બિયાને કોઈએ પૂછ્યું, ''સારામાં સારી પ્રાર્થના કઈ ?'' તેણે જવાબ આપ્યો, ''સારાં કૃત્યો સારામાં સારી પ્રાર્થના છે.'' સંત તુલસીદાસ કહે છે, ''ધર્મનું મૂળ અનુકંપામાં છે, પાપનું મૂળ અભિમાનમાં છે.'' બધાય ધર્મ સૈકાઓ પહેલાં થઈ ગયા છે.

તમે સૌ એક જ ઝાડનાં ફળ છો. એક જ શાખાનાં પાંદડાં છો. માટે જ જિસસે વારંવાર કહ્યું છે, ''તમારી સાથે માણસો જેવો વર્તાવ રાખે તેમ ઈચ્છતા હો તેવો તમે તેમના પ્રતિ દાખવો.'' કોન્ફ્યૂશિયસ આ જ સત્ય કહે છે, ''તમારી સાથે કોઈ જે વ્યવહાર ન કરે તેમ ઈચ્છતા હો તે વ્યવહાર તમારે તેની સાથે આચરવો જોઈએ નહીં.'' અને મહાભારત કહે છે સાંભળો, ''તમને જે કંઈ કરવાથી દુઃખ થાય તે બીજાને માટે ન કરશો.''

કૃષ્ણનો સદ્ભાવ, બુદ્ધની મૈત્રી અને ઈશુ ખ્રિસ્તનો પ્રેમ માનવજાતને એક કરો !

# અણમોલ મોતી

૧. આત્માને કેળવવો એ ઉમદામાં ઉમદા કાર્ય છે.
૨. તમારી અને ઈશ્વરની વચ્ચે દીવાલ ખડી કરનાર છે સંપત્તિનું સ્વામિત્વ.
૩. આપો અને પ્રભુના પ્યારા બનો.
૪. દેવ થવું છે ? તમારી જાતને જીતો.
૫. દેવું એટલે જીવવું.
૬. જીવનનું ખાનપાન ઈશ્વરની કૃપા છે.
૭. મોં બંધ રાખો તો સુખી થશો.
૮. દરેક ભોજનને પ્રભુની કૃપા સમજો.
૯. મહાન થઈને શક્તિ મેળવવાનો મોહ એ એક ભયંકર અનિષ્ટ છે.
૧૦. તમારું બૂરું ઇચ્છે તેનું ભલું કરો.
૧૧. સાચી સમજણ માટે સહાનુભૂતિની ચાવી લગાડો.
૧૨. નાનાં નાનાં કૃત્યોથી અને શબ્દોથી તમારું ચારિત્ર્ય ખુલ્લું પડે છે.
૧૩. આપણે સૌ ભાઈ - ભાઈ છીએ.
૧૪. બધાની સાથે જેને સુમેળ છે એવું પ્રેમાર્દ્ર હૃદય જીવનનો કીમતી ખજાનો છે.
૧૫. વિશ્વની એક જ દિવ્ય માતાનાં સૌ સંતાન છે.
૧૬. ખ્યાતિ, સત્તા અને હોદ્દાનો ત્યાગ કરો.
૧૭. માત્ર પ્રભુનું શરણું લો તેમાં તમને સઘળું મળશે.
૧૮. કોઈને દોષ દેશો નહીં; સાદાઈથી મૌન દ્વારા બધા તરફ

પ્રેમ વહાવો.
૧૯. આનંદની શોધમાં છો ? તો બીજાને આનંદ આપો.
૨૦. અન્યને આશિષ આપે તે આશીર્વાદ પામે છે.
૨૧. અન્યને ઈજા પહોંચાડે તેને નુકસાન થાય છે.
૨૨. આધ્યાત્મિક જીવનની ચાવી છે ગરીબી.
૨૩. તમારી અંદર રહેલ સારામાં સારી બાબતો બીજાની સાથે ભોગવો.
૨૪. પવિત્રતા કેળવો એટલે સારામાં સારી યાત્રા થઈ જશે.
૨૫. ભગ્ન હૃદયને સાંધવું એ સારામાં સારી પ્રાર્થના છે.
૨૬. નમ્રતા કેળવવાથી કદી ન ઝાંખું પડે તેવું અજવાળું પેદા થાય છે.
૨૭. નાના બાળક જેવા બનો તો ઈશ્વરના સામ્રાજ્યમાં પ્રવેશ મળશે.
૨૮. જ્ઞાનનો સરતાજ નમ્રતા છે.
૨૯. આધ્યાત્મિક પ્રગતિ માટે ગરીબો સાથેનો ભાઈચારો જરૂરી છે.
૩૦. ભગવાન સિવાય દુનિયા ભેંકાર છે.
૩૧. જીવન વિશેનો વિશ્વાસ કોઈ કારણસર ગુમાવશો નહીં.
૩૨. અશક્યને શક્ય બનાવવાની શક્તિ માનવીમાં છે કારણ માનવ દિવ્ય છે.
૩૩. જીવનમાં સંઘરાખોરી એ જીવનનો વ્યય છે; જ્યારે એકઠું કરવાની વૃત્તિ ગુમાવવામાં પરિણમે છે.
૩૪. પ્રભુના કૃપાળુ પાર્ષદો જ્યારે નજીક જ છે ત્યારે ડર શાનો ?
૩૫. નમ્રતા સૌંદર્ય છે; ઘમંડ વિકૃતિ છે.

૩૬. ઈચ્છાઓના અંધકારમાં ભટકતા મનુષ્યો આંધળા છે.
૩૭. જગતના સર્વધર્મો એક મુખાકૃતિની સામે ધરેલા આયનાઓ છે.
૩૮. અનંતતાની શક્તિ તમારામાં છુપાયેલી પડેલી છે.
૩૯. પ્રભુના પ્રેમ માટે સેવા કરે તેની સેવા સાચી છે.
૪૦. માનો તો પામશો.
૪૧. જીવનને ચાહો. આનંદનાં સૂર્યકિરણો પ્રસરાવો.
૪૨. પ્રકાશ, વધુ પ્રકાશ. આ છે માનવજાતની દયાપાત્ર જરૂરત.
૪૩. સુંદરતાના સમ્રાટની પ્રતિકૃતિ એટલે દરેક માનવ.
૪૪. વિજયનો રાહ ક્રોસ પર થઈને જાય છે.
૪૫. સ્વાતંત્ર્ય એટલે શક્તિપૂજા નહીં પણ આદર્શની સેવા.
૪૬. સુંદરતાથી દૂર વસવાથી દુ:ખ થતું નથી.
૪૭. બધા જ જીવો એક અનંત તત્ત્વમાં ઐક્ય પામે છે.
૪૮. જીવને મારવાથી અનંતના હૃદયને ઈજા પહોંચે છે.
૪૯. હરિનામમાં રસ લેતું સાદું જીવન પૈસાના ઝગમગાટથી વધુ સારું છે.
૫૦. શુદ્ધ હશે તે જીવનનું સત્ય જોઈ શકશે.
૫૧. ઈંટ અને પથરાનાં બધાં મંદિરો કરતાં હૃદયમંદિર ઊંચું છે.
૫૨. પ્રેમાળ હૃદયની ભેટ ખૂબ કીમતી ભેટ છે.
૫૩. ગરીબની પ્રેમભરી સેવા કરે છે તેના પર ઈશ્વરના સાચા આશીર્વાદ ઊતરે છે.
૫૪. અંધારામાં અને તોફાનમાં ઈશ્વર આપણી ઢાલ છે.
૫૫. લોભ એ નરકનું દ્વાર છે.

૫૬. કામ, ક્રોધ અને લોભને ત્યજો.

૫૭. શરીરની માવજત એ ચારિત્ર્યની માવજત છે.

૫૮. ભાવથી દીન બનો તો પ્રભુના અધર પરની બંસી બનશો.

૫૯. વાતોડિયા જાણે ઓછું; જાણકાર બોલે ઓછું.

૬૦. તેના ચરણકમળમાં અને તેના પ્રેમમાં જીવનનો સાચો આનંદ છે.

૬૧. સમત્વ રાખો. તમારું જીવન આત્માના સંગીતથી ભર્યું ભર્યું રહેશે.

૬૨. સિદ્ધિનું રહસ્ય છે સ્વ-વિલોપન.

૬૩. ઈશસેવામાં ઘસાઈ જવું એનાથી વધુ રૂડો અવસર કયો ?

૬૪. સેતાન સામે લડો. માનવ સાથે શાંતિ રાખો.

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્દગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

ISBN 81-7229-237-6 (set)